

આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્વજ્ઞાન જ્ઞાનશાળા દ્વારા આયોજીત

(ઘરે બેઠા તત્વજ્ઞાન પ્રાપ્ત કરાવનાર પાઠ્યક્રમ)

# શ્રાદ્ધવિધિ પ્રકરણ

....પ્રેરણા-માર્ગદર્શન....

પરમ પૂજ્ય તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)ના
વિનેય શિષ્યરત્ન પરમ પૂજ્ય સ્વાધ્યાયપ્રેમી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ

પાઠ્યક્રમ નિર્દેશક : હિતેશ સવાણી | પાઠ્યક્રમ સંચાલક : વિરલભાઈ લોલડિયા

પ્રિય વિદ્યાર્થી,

પ્રણામ !

**'શ્રાદ્ધવિધિ પ્રકરણ'** પાઠ્યક્રમમાં આપ જોડાયા છો તે બદલ અભિનંદન. **આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા** વતી આપ સૌનું આ પાઠ્યક્રમમાં સ્વાગત કરીએ છીએ. અમને આશા છે કે આપ નિયમિતપણે ગ્રંથ નું વાંચન કરી તેનો સંપૂર્ણ અભ્યાસ કરી શકશો.

આ પાઠ્યક્રમ તપાગચ્છાધિપતિ પ.પૂ. **આ. ભ. શ્રી વિજય રામસૂરીશ્વરજી** મ. સા.ના દિવ્ય આશીર્વાદ અને સ્વાધ્યાય-પ્રેમી આજીવન ગુરુ ચરણોપાસક પ.પૂ. **આ. ભ. શ્રી વિજય જગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મ. સા.ની પ્રેરણા અને માર્ગદર્શન થકી આકાર પામી રહ્યો છે.

આ પાઠ્યક્રમ ઓનલાઈન ઓપન બુક MCQ પદ્ધતિથી શરુ કરેલ છે. સંપૂર્ણ પાઠ્યક્રમ દરમિયાન આપને કૂલ ૮ કાર્યપત્રક ઓનલાઈન ભરવાના રહેશે. વિદ્યાર્થી સામાયિકમાં અભ્યાસ કરી શકે તે હેતુથી આ કાર્યપત્રક પુસ્તકરૂપે આપવામાં આવેલ છે. દર પંદર દિવસે ૧ કાર્યપત્રકના ઉત્તર આપે મોબાઈલ એપ્લીકેશન દ્વારા અપલોડ કરવાના રહેશે. દરેક કાર્યપત્રક તેની અવધિ દરમિયાન એપ્લીકેશનમાં ઓનલાઈન ખોલવામાં આવશે અને અવધિ પૂર્ણ થતાં બંધ કરવામાં આવશે. તેટલા સમયમાં દરેક વિદ્યાર્થીએ પોતાના જવાબ અપલોડ કરી લેવાના રહેશે.

## સંસ્થાની મોબાઈલ એપ્લીકેશનના માધ્યમથી અપલોડ કરવા

૧. Google Play store પરથી એપ્લિકેશન – Jaintatvagyanshala ડાઉનલોડ કરો.

૨. તેમાં "MyProfile" બટન દબાવી આપની Login ID અને પાસવર્ડ ટાઇપ કરી "LoginasStudent" ઓપ્શન ટીક કરી એપ્લીકેશનમાં લોગીન કરશો.

૩. આપની Profile ખુલે એટલે "ExamPaper" બટન દબાવી જે કાર્યપત્રકના ઉત્તર આપને ભરવાના હોય તે કાર્યપત્રક નંબર ઉપર ટીક કરી આપ આપના કાર્યપત્રકના જવાબ અપલોડ કરી શકશો.

## વેબસાઇટ અને એપ્લીકેશન પર અન્ય સુવિધાઓ

૧. સંસ્થાની વેબસાઈટ પર અને એપ્લિકેશન ઉપર આપને 'શ્રાદ્ધવિધિ પ્રકરણ' પુસ્તકની પી.ડી.એફ. (pdf) બુક, અભ્યાસ શેડ્યુલ, પ્રશ્ન પત્ર, ઉત્તરપત્રકની લીંક મળશે.

૨. આપના દરેક ઉત્તરપત્રકના માર્ક્સ "Jaintatvagyanshala" એપ્લિકેશન પર અપલોડ કરવામાં આવશે. આપ આપના માર્ક login ID અને પાસવર્ડ વડે login કરી જાણી શકશો.

## વોટ્સેપ ગ્રુપ Whatsapp Group

શ્રાદ્ધ વિધિ પ્રકરણ પરિશીલનમાં જોડાયેલા વિદ્યાર્થીઓનું એક વોટ્સેપ ગ્રુપ બનાવવામાં આવશે. આ ગ્રુપમાં કોર્સ સંબંધી માહિતી અને જાહેરાતો સમયે સમયે પોસ્ટ કરવામાં આવશે. વિદ્યાર્થીઓને પોતાની કોઈ જિજ્ઞાસાનું સમાધાન મેળવવું હોય તો તે પોતાનો પ્રશ્ન આ ગ્રુપ માં મોકલી શકશે. આ સવાલોના બે-ત્રણ દિવસમાં જ સંસ્થા દ્વારા નિયુક્ત પંડિતજી દ્વારા જવાબ આપવામાં આવશે.

આ સિવાય આ ગ્રુપમાં કોઇપણ બિનજરૂરી મેસેજ પોસ્ટ કરનારને ગ્રુપ માંથી એક ચેતવણી આપ્યા બાદ રદ કરવામાંઆવશે.

સંપૂર્ણ પાઠ્યક્રમ દરમ્યાન આપને અન્ય કોઈ સમસ્યા હોય તો હર્ષ સધાણીનો 9427655776 ઉપર સંપર્ક કરવો.

આપનો વિશ્વાસુ,

હિતેશ સવાણી
(પાઠ્યક્રમ નિર્દેશક)

## શ્રાદ્ધવિધિ પ્રકરણ-કાર્યપત્રક જમા કરવાનું સમયપત્રક

| કાર્યપત્રક ક્રમાંક | તારીખ | વાર | તિથિ | દિવસ |
|---|---|---|---|---|
| ૧ | ૧૯/૭/૨૦૨૩ | બુધવાર | શ્રાવણ સુદ ૨ | ૧૬ |
| ૨ | ૫/૮/૨૦૨૩ | શનવિાર | શ્રાવણ વદ ૪ | ૧૬ |
| ૩ | ૨૨/૮/૨૦૨૩ | મંગળવાર | દ્વિ. શ્રાવણ સુદ ૫ | ૧૬ |
| ૪ | ૭/૯/૨૦૨૩ | ગુરુવાર | દ્વિ. શ્રાવણ વદ ૮ | ૧૬ |
| ૫ | ૯/૧૦/૨૦૨૩ | સોમવાર | ભાદરવા વદ ૧૦ | ૧૫ |
| ૬ | ૨૪/૧૦/૨૦૨૩ | મંગળવાર | આસો સુદ ૧૦ | ૧૫ |
| ૭ | ૯/૧૧/૨૦૨૩ | ગુરુવાર | આસો વદ ૧૧ | ૧૫ |
| ૮ | ૨૫/૧૧/૨૦૨૩ | શનવિાર | કારતક સુદ ૧૩ | ૧૭ |

**: વિશેષ સુચના:**

૧. જે તારીખ સુધીમાં જેટલો અભ્યાસ કરવાનું સુચન છે તે પ્રમાણે તે-તે કાર્યપત્રક અપલોડ મોકલવા.

॥ ૐ નમો સર્વજ્ઞાય ॥

# -: શ્રાદ્ધ વિધિ પ્રકરણપરિશીલન :-

**પ્રથમ પ્રશ્નપત્ર પેજ નં. 1 થી 49 સુધી** **કુલ માર્ક્સ - 100**

**Q-1 ખાલી જગ્યા પુરો :-** **દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

1. આ ગ્રંથ ............ના ઉપકાર માટે બનાવેલ છે.
   (A) સાધુ, (B) સાધ્વી. (C) શ્રાવક (D) શ્રાવિકા

2. શ્રી રત્નશેખરસૂરિના ગુરુનું નામ ............હતું.
   (A) રત્નસુંદર (B) સોમસુંદર (C) ભવ્યસુંદર (D) રાજસુંદર

3. વિજયપુર નગરમાં ............રાજા રાજ્ય કરતો હતો
   (A) વિશ્વસેન (B) વિશ્વભૂતિ (C) ચંદ્રમૌલિ (D) વૈશ્રમણ

4. વિશ્વસેનની માતાનું નામ............હતું.
   (A) જયા (B) વિજયા (C) સુજયા (D) જયાદેવી

5. વિશ્વસેન 14 પૂર્વ ............ભવમાં ભણ્યો
   (A) પુંડરીકના (B) કુબેરના (C) સુંદરના (D) મણિભદ્રના

6. વિશ્વસેને પોતાનો પૂર્વભવનો વૃત્તાંત ............પાસે સાંભળ્યો હતો.
   (A) ભાનુકેવળી (B) કુવલયચંદ્ર કેવળી (C) ગૌતમ કેવળી (D) જિનદત્ત કેવળી

7. ભદ્રબાહુસ્વામીના ગુરુભાઈ ............હતા.
   (A) વરાહમિહિર (B) ચંદ્રકેવળી (C) ધનંજય (D) વિશ્વસેન

8. ભદ્રબાહુ સ્વામીએ ............સૂત્ર બનાવ્યું હતું.
   (A) નમુત્થુણં (B) શાન્તિ (C) નમિઊણ (D) ઉવસગ્ગહરં

9. મૃગધ્વજ રાજાને ............એ મંત્ર આપ્યો.
   (A) ગાંગલ ઋષિ (B) શ્રીદત્તકેવળી (C) શુકરાજ (D) કનકમાલા

10. ભદ્દિલપુર નગરમાં .............રાજા રાજ્ય કરતો હતો.
(A) મૃગધ્વજ (B) વિશ્વસેન (C) જિતારી (D) વિજયદેવ

11. મૃગધ્વજ રાજાએ શુકરાજની જિહ્વા બંધ થવાનુ કારણ .............ને પુછ્યું.
(A) ગાંગલઋષિ (B) શ્રીદત્તકેવળી (C) શ્રુતસાગર (D) ઋતધ્વજ

12. હંસી અને સારસી .............ની પુત્રી હતી.
(A) જિતારી (B) મૃગધ્વજ (C) વિશ્વસેન (D) વિજયદેવ

13. સોમચંદ્ર રાજા .............નગરમાં રાજ્ય કરતો હતો
(A) ભદ્દિલપુર (B) ચંદ્રપુર (C) વિમળાચળ (D) વિજયપુર

14. ધ્યાનના સમયે સાધુ પુરુષે .............સ્થાનનો આશ્રય લેવો.
(A) અનેકાન્ત (B) એકાંત (C) ગીચ (D) જનાકીર્ણ

15. યતિ પાસેથી સમ્યક્ સામાચારી સાંભળે તેને .............કહેવાય.
(A) સાધુ (B) સાધ્વી (C) શ્રાવક (D) ગુરુ

**Q-2 શબ્દના સાચા અર્થ લખો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

16. મધ્યસ્થવૃત્તિ
(A) વિષમદૃષ્ટિ (B) સમદૃષ્ટિ (C) કરુણાદૃષ્ટિ (D) સમ્યગ્દૃષ્ટિ

17. રતિ
(A) રાગ (B) દ્વેષ (C) સમાધિ (D) પ્રિતિ

18. હેય
(A) છોડવા યોગ્ય (B) જાણવા યોગ્ય (C) આદરવા યોગ્ય (D) લેવાયોગ્ય

19. પ્રકૃતિ
(A) સંપૂર્ણ (B) સ્વભાવ (C) ન્યાય (D) વિવેક

20. વચન સ્થિતિ
(A) દૃઢ (B) વચનક્ષમા (C) પ્રતિજ્ઞા (D) પ્રવૃત્તિ

21. યતિ
(A) શ્રાવક (B) સાધુ (C) સાધ્વી (D) શ્રાવિકા

22. વીર્ય
(A) તપ (B) પરાક્રમ (C) વીર (D) દાન

23. રક્ત
(A) દ્વેષી (B) રાગી (C) પ્રેમિ (D) ન્યાયી

24. રણ
(A) ગામ (B) વન (C) યોગ (D) નટ

25. શૈલી
(A) ઉપકાર (B) પરંપરા (C) વાર્તા (D) ઉચિત

**Q-3 નીચેના પ્રશ્નના અંકમાં જવાબ જણાવતો સાચો લિકલ્પ પસંદ કરો :-**

**દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

26. વચનના કેટલા ગુણો છે.
(A) 34 (B) 40 (C) 45 (D) 35

27. વીર પદના (નામના) કેટલા અર્થો છે.
(A) 2 (B) 3 (C) 4 (D) 5

28. મુલ અતિશય કેટલા છે.
(A) 2 (B) 3 (C) 4 (D) 5

29. શ્રાવકવિધિ ગ્રંથમાં કેટલા દ્વાર આપેલા છે.
(A) 5 (B) 6 (C) 7 (D) 8

30. આ ગ્રંથમાં કેટલા ગુણથી યુક્ત શ્રાવકધર્મને યોગ્ય બતાવેલ છે.
(A) 5 (B) 6 (C) 7 (D) 8

31. વિશ્વસેન ક્યા ભવમાં લોભથી સમ્યક્ત્વ હારી ગયો.
(A) 1 (B) 3 (C) 5 (D) 7

32. શ્રાવકના કેટલા ગુણો છે.
(A) 20 (B) 21 (C) 22 (D) 23

33. વૃધ્ધ કેટલા પ્રકારના છે.

(A) 1 (B) 2 (C) 3 (D) 4

34. આચાર્ય ભગવંતે ધર્મદેશનામાં સિધ્ધાચળતીર્થના કેટલા નામનો મહિમા સંભળાવ્યો.

(A) 20 (B) 21 (C) 22 (D) 23

35. ભાવશ્રાવકના કેટલા ભેદ છે.

(A) 1 (B) 2 (C) 3 (D) 4

36. ચંદ્રેસુ નિમ્મલયરા સુધી એક લોગસ્સના કેટલા શ્વાસોશ્વાસ ગણાય

(A) 22 (B) 23 (C) 24 (D) 25

37. દશવૈકાલિકના ક્યાં અધ્યાયમાં પાંચ મહાવ્રત બતાવેલ છે.

(A) 1 (B) 2 (C) 3 (D) 4

38. સંપૂર્ણ નવકાર ગણવાથી કેટલા સાગરોપમનુ પાપ નાશ પામે.

(A) 550 (B) 500 (C) 450 (D) 600

39. જાપ કેટલા પ્રકારના છે.

(A) 1 (B) 2 (C) 3 (D) 4

40. નવકારને બારની સંખ્યાથી કેટલીવાર ગણે તેણે પિશાચ હેરાન ન કરે.

(A) 5 (B) 6 (C) 8 (D) 9

41. અણુવ્રત કેટલા પ્રકારના છે.

(A) 1 (B) 3 (C) 5 (D) 7

42. ગુણવ્રત કેટલા પ્રકારના છે.

(A) 1 (B) 3 (C) 5 (D) 7

43. શિક્ષાવ્રત કેટલા પ્રકારના છે.

(A) 1 (B) 2 (C) 4 (D) 6

44. સૂર્યોદય સમયે જે નાડી વહેતી હોય તે કેટલી ઘડી પછી બદલાઈ જાય.

(A) $1^{1/2}$ (B) $2^{1/2}$ (C) $3^{1/2}$ (D) $4^{1/2}$

45. પૃથ્વીતત્ત્વ કેટલા પળે બદલાયા કરે છે.
(A) 50 (B) 60 (C) 70 (D) 80

46. આકાશતત્ત્વ કેટલા પળે બદલાયા કરે છે.
(A) 5 (B) 10 (C) 15 (D) 20

47. સૂર્યનાડી અને ચંદ્રનાડીમાં કેટલા તત્ત્વો નિરંતર રહે છે.
(A) 5 (B) 10 (C) 15 (D) 20

48. 16 અક્ષરની વિદ્યા 200 વાર જપે તો કેટલા ઉપવાસનું ફળ મળે.
(A) 1 (B) 3 (C) 5 (D) 7

49. અરિહંત એ 4 અક્ષરનો મંત્ર કેટલીવાર ગણવાથી 1 ઉપવાસનું ફળ મળે.
(A) 100 (B) 200 (C) 300 (D) 400

50. રાત્રિના પહેલા પ્રહરે સ્વપ્ન જોય હોય તો કેટલા માસે ફળ આપે
(A) 10 (B) 12 (C) 14 (D) 16

**Q-4 મને ઓળખો :-** **દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

51. હું સાધુ પાસેથી સમ્યક્ સામાચારી સાંભળુ છું.
(A) યતિ (B) સાધ્વી (C) શ્રાવક (D) જીવ

52. મને ચંદ્રાવતીના પુત્ર જોવાથી વૈરાગ્ય થશે.
(A) મૃગધ્વજ (B) મકરધ્વજ (C) વિશ્વસેન (D) શુકરાજ

53. મારા પિતા ઋતુધ્વજ છે.
(A) મકરધ્વજ (B) વિશ્વધ્વજ (C) મૃગધ્વજ (D) શુકરાજ

54. હું લોકનિદાથી તેમ જ અપયશથી ડરતો રહુ છું.
(A) અશઠ (B) ભીરુ (C) અક્રુર (D) લોકપ્રિય

55. હું પાંચ ઇંદ્રિયોથી સંપૂર્ણ છું.
(A) પ્રકૃતિ સૌમ્ય (B) રૂપવાન્ (C) અક્ષુદ્ર (D) ભીરુ

56. હું ગુણીનું બહુમાન કરનાર છું.
(A) વિશેષજ્ઞ (B) રૂપવાન્ (C) વિનીત (D) સૌમ્ય

57. કર્યા ગુણોને (ઉપકારને) નહી ભુલનાર.

(A) કૃતજ્ઞ (B) વિનીત (C) સૌમ્ય (D) વિશેષજ્ઞ

58. હું પારકાને ઠગતો નથી.

(A) અસઠ (B) અવિનીત (C) સૌમ્ય (D) કૃતજ્ઞ

59. અકાર્ય કરતાં પહેલા જ ડરુ છું.

(A) દયાળુ (B) અશઠ (C) લજ્જાળુ (D) લોકપ્રિય

60. મારા 21 ગુણો છે.

(A) સાધુ (B) સાધ્વી (C) શ્રાવક (D) યતિ

61. હંસી અને સારસી પુત્રીઓને પરણ્યો.

(A) જિતારિ (B) વિશ્વસેન (C) શુકરાજ (D) ગુણસેન

62. શ્રાવક શબ્દના અર્થથી રહિત છું.

(A) ભાવ શ્રાવક (B) દ્રવ્ય શ્રાવક (C) સ્થાપના શ્રાવક (D) નામ શ્રાવક

63. 20 પળે બદલાયા કરુ છું.

(A) આકાશતત્ત્વ (B) જળતત્ત્વ (C) વાયુતત્ત્વ (D) અગ્નિતત્ત્વ

64. કેવળ સમ્યક્ત્વધારી ચતુર્થ ગુણસ્થાન વર્તી છું.

(A) વ્રત શ્રાવક (B) ભાવ શ્રાવક (C) નામ શ્રાવક (D) દર્શન શ્રાવક

65. મગધ ઉપર ચડાઈ કરનાર છું.

(A) ચંડપ્રદ્યોત (B) અભયકુમાર (C) વિશ્વસેન (D) શુકરાજ

66. મૌન પણે વિચારણારૂપ મારો જાપ કરવામાં આવે છે.

(A) માનસ જાપ (B) ઉપાંશુ જાપ (C) ભાષ્ય જાપ (D) નવકાર જાપ

67. મારા 50 પળ છે.

(A) જળતત્ત્વ (B) અગ્નિતત્ત્વ (C) વાયુતત્ત્વ (D) આકાશ તત્ત્વ

68. શાન્તિકાર્યો કરતા મારી હાજરીમાં ફળ પ્રાપ્તિ થાય છે.

(A) પૃથ્વી (B) અગ્નિ (C) વાયુ (D) આકાશ

69. મારા પિતાનું નામ ધનતિલક છે.

(A) વિશ્રમણ (B) મકરધ્વજ (C) મૃગધ્વજ (D) વૈશ્રમણ

70. હું શ્રી નિલયનગરમાં રહું છું.

(A) વૈશ્રમણ (B) વિશ્વધ્વજ (C) વિશ્વસેન (D) વિશ્રમણ

## Q-5 નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરોઃ- દરેક પ્રશ્નના 2-2 માર્ક્સ

71. યોગ્ય ક્રમમાં દ્વારોની ગોઠવણી કરેલ સાચો વિકલ્પ કયો?

| | | | | |
|---|---|---|---|---|
| (A) | 1. પર્વકૃત્ય | 2.રાત્રિકૃત્ય | 3.દિનકૃત્ય | 4.ચાતુર્માસિક-કૃત્ય |
| (B) | 1.રાત્રિકૃત્ય | 2.પર્વકૃત્ય | 3.ચાતુર્માસિક-કૃત્ય | 4.દિનકૃત્ય |
| (C) | 1.દિનકૃત્ય | 2.રાત્રિકૃત્ય | 3.પર્વકૃત્ય | 4. ચાતુર્માસિક-કૃત્ય |
| (D) | 1.દિનકૃત્ય | 2.પર્વકૃત્ય | 3.રાત્રિકૃત્ય | 4.ચાતુર્માસિક-કૃત્ય |

72. આપેલ વાક્યમાં સમીચીન વિકલ્પ શોધો

(A) સૂતાં અને ઊઠતા તત્કાળ પરમાત્માનું ધ્યાન કરવું શ્રેયસ્કર છે.

(B) ઊઠતા પરમાત્માનું અને સુતાં આત્માનું ધ્યાન કરવું શ્રેયસ્કર છે.

(B) સૂતાં અને ઊઠતા તત્કાળ નવકાર મંત્રનું ધ્યાન કરવું શ્રેયસ્કર છે.

(D) માત્ર ઊઠતાં તત્કાળ નવકાર મંત્રનું ધ્યાન કરવું શ્રેયસ્કર છે.

73. નીચે આપેલ વાક્યોના આધારે સત્ય વિકલ્પની ગવેષણા કરો.

(A) પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન અને પરિગ્રહ આ સંબંધી સ્વપ્ન આવ્યું હોય તો સંપૂર્ણ 100 શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉસગ્ગ કરવો.

(B) મૈથુન સ્વપ્નમાં સેવ્યુ હોય તો 108 શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉસગ્ગ કરવો

(C) મૃષાવાદ સંબંધી સ્વપ્ન આવ્યું હોય તો 110 શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉસગ્ગ કરવો

(D) પરિગ્રહ સંબંધી સ્વપ્ન આવ્યુ હોય તો 108 શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉસગ્ગ કરવો.

| | | | |
|---|---|---|---|
| 1. (A) અસત્ય | (B) સત્ય | 2. (C) સત્ય | (D) સત્ય |
| 3. (A) સત્ય | (B) સત્ય | 4. (C) અસત્ય | (D) સત્ય |

74. ઉપાંશુ જાપ કોને કહેવાય.

(A) બીજા બધા સાંભળી શકે એવો જાપ.

(B) પોતે મૌન પણે મનમાં જ વિચારણારૂપ જાપ કરે.

(C) જે જાપમાં પોતે બીજાને સંભળાવવા માટે પ્રવૃત્તિ કરતો હોય તે.

(D) બીજો કોઈ સાંભળી ન શકે પણ અંતર્જલ્પરૂપ જાપ.

75. આપેલા વાક્યમાં સમીચીન વિકલ્પ શોધો.

(A) માનસજાપ ઘણા પ્રયાસથી સાધી શકાય એવો છે.

(B) માનસજાપ શાંતિક, પૌષ્ટિક અને આકર્ષણાદિ કાર્યોની સિદ્ધિ કરાવે છે

(C) દરેક પ્રકારના જાપથી માનસ જાપ અધિક લાભકારી છે.
(D) માનસ જાપ થી પણ અધિક ફળ આપનાર ભાષ્યજાપ છે.

76. નીચે આપેલ વાક્યો માંથી અસત્ય વાક્ય પસંદ કરો.
(A) વ્યગ્રચિત્તથી કરાયેલ જાપ પ્રાય અધિક ફળ આપનાર હોય છે.
(B) ઘણા માણસ વચ્ચે બેસી જાપ કરવા કરતાં એકાંતે કરવો શ્રેયસ્કારી છે.
(C) જાપ કરતા થાકે ત્યારે ધ્યાન કરવુ જોઈએ
(D) આંગળીના અગ્રભાગથી કરાયેલ જાપ પ્રાય અલ્પ ફળ આપનાર હોય છે.

77. ભદ્રક પ્રકૃતિ ગુણયુક્ત શ્રાવક કોને કહેવાય
(A) પક્ષપાત અને કદાગ્રહ સહિત માધ્યસ્થભાવ ધારણ કરે.
(B) પક્ષપાત અને કદાગ્રહ રહિત માધ્યસ્થભાવ ધારણ કરે.
(C) પક્ષપાત રાખે અને કદાગ્રહ ન રાખે તે.
(D) પક્ષપાત રહિત અને કદાગ્રહ સહિત માધ્યસ્થભાવ ધારણ કરે.

78. ભુવનભાનુ કેવળીના જીવ વિશ્વસેનનું દૃષ્ટાન્ત કોના ઉપર છે.
(A) દૃષ્ટિરાગી જીવ ધર્મ પાળી શકતો નથી તેના ઉપર
(B) ધર્મદ્વેષી જીવ ધર્મ પાળી શકતો નથી તેના ઉપર
(C) ધર્મપ્રેમી જીવ ધર્મ પાળી શકે છે તેના ઉપર
(D) દૃષ્ટિરાગી જીવ ધર્મ પાળી શકે છે તેના ઉપર

79. આપેલ વાક્યમાં સમીચીન વિકલ્પ શોધો.
(A) ભદ્રબાહુ અને વરાહમિહિર બન્ને ક્ષત્રિય હતા અને તેમણે રાગથી દીક્ષા લીધી.
(B) ભદ્રબાહુ અને વરાહમિહિર બન્ને બ્રાહ્મણ હતા અને તેમણે વૈરાગ વિના દીક્ષા લીધી.
(C) ભદ્રબાહુ અને વરાહમિહિર બન્ને બ્રાહ્મણ હતા અને તેમણે વૈરાગ્યથી દીક્ષા લીધી
(D) ભદ્રબાહુ અને વરાહમિહિર બન્ને ક્ષત્રિય હતા અને તેમણે વૈરાગ્ય પામી દીક્ષા લીધી.

80. આપેલ વાક્યમાં સમીચીન વિકલ્પ શોધો.
(A) આર્દ્રકુમારના મૈત્રીભર્યા વર્તાવથી ખુશ થઈ અભયકુમારે વિચાર્યું.
(B) આર્દ્રકુમારના પ્રમોદભર્યા વર્તાવથી ખુશ થઈ અભયકુમારે વિચાર્યું.
(C) આર્દ્રકુમારના માધ્યસ્થભર્યા વર્તાવથી ખુશ થઈ અભયકુમારે વિચાર્યું.
(D) આર્દ્રકુમારના કરુણાભર્યા વર્તાવથી ખુશ થઈ અભયકુમારે વિચાર્યું.

81. નીચેના આપેલ વિકલ્પોને યોગ્ય ક્રમમાં ગોઠવો.
(A) અક્રુર, ભીરુ, અશઠ, સદાક્ષિણ્ય.
(B) અક્ષુદ્ર, રૂપવાન, પ્રકૃતિસૌમ્ય, લોકપ્રિય.

(C) લજ્જાળું, દયાળુ, મધ્યસ્થ, ગુણરાગી.

(D) સત્કથ, સુપક્ષયુક્ત, સુદીર્ઘદર્શિ, વિશેષજ્ઞ.

1. (A)(B)(C)(D)  2. (A)(C)(D)(B)

3. (B)(A)(C)(D)  4, (C)(D)(A)(B)

82. ગુણરાગી શ્રાવક કોને કહેવાય.

(A) ગુણવંતની ઉપેક્ષા કરે અને અગુણવંતની અનુપેક્ષા કરે.

(B) ગુણવંતની નીંદા કરે અને મધ્યમગુણવંતની ઉપેક્ષા કરે.

(C) અગુણવંતનો જ પક્ષ કરે અને ગુણવંતની ઉપેક્ષા કરે.

(D) ગુણવંતનો જ પક્ષ કરે અને અવગુણીની ઉપેક્ષા કરે.

83. મધ્યસ્થ શ્રાવક કોને કહેવાય

(A) પોતાનો અને પારકાનો વિચાર કર્યા વગર ન્યાયમાર્ગમાં સર્વનું સરખુ હિત કરનાર.

(B) પોતાનો અને પારકાનો વિચાર કરીને ન્યાયમાર્ગમાં સર્વનું સરખું હિત કરનાર.

(C) માત્ર પારકાનો વિચાર કરીને ન્યાયમાર્ગમાં સરખું હિત કરનાર.

(D) માત્ર પોતાનો વિચાર કરીને ન્યાયમાર્ગમાં સરખું હિત કરનાર.

84. સત્ય વાક્યને શોધો.

(A) ધર્મવંત પ્રાણીઓનુ જાગવું અને પાપી પ્રાણીઓનું ઊઠવું કલ્યાણકારી હોય છે.

(B) ધર્મવંત પ્રાણીઓનુ ઊંઘવું અને પાપી પ્રાણીઓનું જાગવુ કલ્યાણકારી હોય છે.

(C) ધર્મવંત પ્રાણીઓનુ બેસવું અને પાપી પ્રાણીઓનું રહેવું કલ્યાણકારી હોય છે.

(D) ધર્મવંત પ્રાણીઓનુ રહેવું અને પાપી પ્રાણીઓનું બેસવું કલ્યાણકારી હોય છે.

85. યોગ્ય વાક્ય પસંદ કરો.

(A) પૃથ્વીતત્ત્વ 50 પળ, જલતત્ત્વ 40 પળ, અગ્નિતત્ત્વ 30 પળે બદલાય છે.

(B) પૃથ્વીતત્ત્વ 40 પળ, જલતત્ત્વ 30 પળ, અગ્નિતત્ત્વ 20 પળે બદલાય છે.

(C) પૃથ્વીતત્ત્વ 30 પળ, જલતત્ત્વ 20 પળ, અગ્નિતત્ત્વ 10 પળે બદલાય છે.

(D) પૃથ્વીતત્ત્વ 60 પળ, જલતત્ત્વ 50 પળ, અગ્નિતત્ત્વ 40 પળે બદલાય છે.

# -: શ્રાદ્ધ વિધિ પ્રકરણપરિશીલન :-

**બીજું પ્રશ્નપત્ર પેજ નં. 50 થી 106 સુધી** **કુલ માર્ક્સ - 100**

**Q-1 સંખ્યામાં જવાબ આપો :-** **દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

1) નિવિયાતાની સંખ્યા કેટલી?
(A) 27 (B) 30 (C) 20 (D)18

2) અભિગ્રહ પચ્ચક્ખાણના કેટલા આગાર છે?
(A) 4 (B) 5 (C) 3 (D) 2

3) લક્ષ્મણા સાધ્વીએ કેટલી ચોવીસીનો સંસાર વધાર્યો?
(A) 84 (B) 90 (C) 80 (D) 108

4) કુમારનંદીની કેટલી પત્ની હતી?
(A) 504 (B) 408 (C) 500 (D) 350

5) ત્રણ પ્રદક્ષિણાના કેટલા હેતુ છે?
(A) 4 (B) 8 (C) 5 (D)3

6) રાજાના અભિગમ હોય છે?
(A) 9 (B) 8 (C) 5 (D) 2

7) કેટલી તિથિએ દાતણ ન કરવું?
(A) 12 (B) 5 (C) 6 (D) 8

8) કુબેરદત્ત કુબેરદત્તાના 1 ભવમાં કેટલા સંબંધ થયા?
(A) 7 (B) 3 (C) 18 (D) 16

9) અદ્ધા પચ્ચક્ખાણ કેટલા પ્રકારનાં છે?
(A) 12 (B) 10 (C) 9 (D) 7

10) પચ્ચક્ખાણનાં કેટલા સ્થાન છે?

(A) 8 (B) 5 (C) 2 (D) 9

11) સૂર્યોદયથી કેટલા પ્રહર પછી પુરિમઢ્ઢનું પચ્ચક્ખાણ આવે?

(A) 3 (B) 2 (C) 4 (D) 5

12) એકાશનાના પચ્ચક્ખાણમાં કેટલા આગાર આવે?

(A) 8 (B)7 (C) 6 (D) 5

13) પચ્ચક્ખાણના કેટલા ભાંગા છે?

(A) 5 (B) 3 (C) 2 (D) 4

14) પચ્ચક્ખાણની કેટલા પ્રકારની શુદ્ધિ છે?

(A) 3 (B)4 (C) 6 (D) 9

15) નિયમ લેવાની વિધિમાં કેટલી ગાથાનો સ્વાધ્યાય કહેલ છે?

(A) 100 (B) 300 (C) 500 (D) 200

16) વિગઈના કેટલા પ્રકાર છે?

(A) 10 (B) 8 (C) 6 (D) 4

17) શ્રેણિકરાજાએ એક સાથે કેટલા જીવોનો નાશ કરી અભિમાન કર્યું.

(A) 3 (B) 2 (C) 4 (D) 5

18) વર્ષ દરમ્યાન કેટલા પ્રહરના પૌષધનું નક્કી કરવું?

(A) 4-8 (B) 2-3 (C) 4-4 (D) 3-4

19) સંલીનતાના કેટલા પ્રકાર છે?

(A) 8 (B) 6 (C) 4 (D)7

20) વૈયાવચ્ચના કેટલા પ્રકાર છે?

(A) 6 (B) 12 (C) 10 (D) 8

21) શ્રાવકના અભિગમની સંખ્યા લખો?

(A) 2 (B) 7 (C) 5 (D) 4

22) ચૈત્યના કેટલા પ્રકાર છે?
(A) 5 (B) 8 (C) 4 (D) 6

23) શુદ્ધિના કેટલા પ્રકાર છે?
(A) 9 (B) 6 (C) 7 (D) 5

24) વિનયવડે કેટલા કર્મો ખપે છે?
(A) 4 (B) 8 (C) 6 (D) 5

25) તપના પેટા ભેદ કેટલા?
(A) 6 (B) 9 (C) 2 (D) 12

**Q-2 ખાલી જગ્યા પૂરોઃ -** **દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

26) પૂર્વભવમાં રત્નનો દાબડો છુપાવ્યો.............
(A) પ્રભાવતી (B) દેવાનંદા (C) સુદર્શના (D) પ્રિયમતી

27) રાજાને ઘેર ઘેર ભિક્ષા માંગવી પડી..............કારણે
(A) પૂર્વના દ્વેષ (B) પૂર્વના પરિગ્રહ (C) પૂર્વના રાગ (D) પૂર્વના મોહ

28) અભયકુમારે વંકચૂલ માટે.............રચ્યું
(A) ગ્રંથ (B) સૂત્ર (C) ચક્રવ્યુ (D) ષડ્યંત્ર

29) હે ભગવન્..........મનુષ્યો ક્યા ઉપજે.
(A) ગર્ભજ (B) યુગલિક (C) સમૂર્ચ્છિમ (D) પર્યાપ્તા

30) કૃમિ નિકલતા હોય તો...........બેસવું.
(A) વાહનમાં (B) ધૂપમાં (C) નદીમાં (D) છાયામાં

31) ધંધુકા નગરીમાં............નામના શેઠ હતા.
(A) આનંદ (B) સુદર્શન (C) જિનદાસ (D) કામદેવ

32) ત્રણ પ્રદક્ષિણા દેવાથી.................નો લાભ મલે.
(A) 1 માસસમણ (B) 1અટ્ઠમ (C) 1 વર્ષીતપ (D) 1 સિદ્ધિતપ

33) કેસર ઘસતી વખતે..................નું સ્મરણ કરે.
(A) સ્તવનનું (B) ઘરનું (C) અરિહંતનું (D) ધર્મનું

34) યુદ્ધમાં જતા પતિને................તિલક કરે.

(A) અગુઠાથી (B) પહેલી આંગળીથી
(C) છેલ્લી આંગળીથી (D) વચ્ચેની આગળીથી

35) ગુરુમુદ્રાની પ્રતિમાને...............પૂજા થાય.

(A) ચંદન (B) વાસક્ષેપ (C) નવાંગી (D) પૂષ્પપૂજા

36) ઝાંસીની રાણીની મદદ.............શ્રાવકે કરી.

(A) વિજય શ્રાવક (B) જિનદાસ શ્રાવક
(C) અમરચંદ શ્રાવક (D) લહેરચંદ શ્રાવક

37) સંલીનતા એટલે................પણ કહેવાય.

(A) મર્યાદા (B) ગુપ્તતા (C) નિસ્પરિગૃહિતા (D) નિસ્વાર્થતા

38) અંતર્મુહૂર્ત કાલ સુધી એકાગ્રચિત્તે ચિંતન કરવુ તે...................કેહવાય

(A) ધ્યાન (B) યોગ (C) વ્યાયામ (D) વિધાન

39) ભાવવાળા પ્રાણીઓ થોડી પણ વિરતિ કરે તેને..................ચાહે

(A) જનતા (B) દેવતા (C) લોકતા (D) સજ્જનતા

40) અવિરતિનું ફલ................કહેવાય છે.

(A) અનંતકાલ દેવ (B) અનંતકાલ નરક
(C) અનંતકાલ એકેન્દ્રિય (D) અનંતકાલ મનુષ્ય

41) મુનિ કુલવાલક જંગમમાં રહેવા છતા............ના રાગમાં પડ્યા.

(A) આહાર (B) પત્ની (C) વેશ્યા (D) સંસાર

42) રતિલાલભાઈએ............વ્રત ગ્રહણ કર્યું હતું.

(A) પરિગ્રહ પરિમાણ (B) દિગ્પરિમાણ
(C) ભોગોપભોગ પરિમાણ (D) સામાયિક

43) બાથરુમમાં નહાવાથી.............જીવોની ઉત્પત્તિ થાય છે.

(A) ગર્ભજ (B) ત્રસકાય (C) એકેન્દ્રિય (D) સંમૂર્ચ્છિમ

44) તિર્ચ્છાલોકમાં..............ચૈત્ય છે.

(A) 3052 (B) 3259 (C) 2023 (D) 1444

45) અશુદ્ધિ પૂર્વક પૂજા કરવાથી............બંધાય છે.

(A) દર્શનાવરણીય કર્મ (B) મોહનીય કર્મ

(C) નીચગોત્ર કર્મ (D) નામકર્મ

46) એકેન્દ્રિય જીવ...............કરતા નથી.

(A) ઉત્તમાહાર (B) કવલાહાર (C) શીતાહાર (D) લોમાહાર

47) યાવત્કથિત અણસણ..................સુધીનું હોય.

(A) 1 માસ (B)6 માસ (C) 1 વર્ષ (D) જિન્દગી

48) આંખ આદિના વિકારને..............કહેવાય છે.

(A) કંદર્પ (B) મૌખુર્ય (C) કૌત્કુચ્ય (D) સંયુક્તાધિકરણ

49) સુભુમ ચક્રવર્તી................માં પડીને મર્યો.

(A) નદીમાં (B) દરિયામાં (C) સમુદ્રમાં (D) કુવામાં

50) ધન ધાન્યાદિ.............પ્રકારના દ્રવ્યો છે.

(A) 12 (B) 8 (C) 9 (D) 7

**Q-3 વિકલ્પ માંથી સત્ય શોધો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

51) શકરાજાએ કુમારપાલ રાજા પર ક્યારે ચઢાઈ કરી હતી?

(A) શીયાળામાં (B) ઉનાળામા (C) ચોમાસામાં (D) ત્રણે ઋતુમાં

52) હાસા-પ્રહાસા માટે અગ્નિકુંડમાં કોન પડ્યું?

(A) વિશાખાનંદી (B) કુમારનંદી (C) ભવનંદી (D) સ્વાનંદી

53) જે દ્રવ્યના નિર્માણમાં જીવોની વિરાધના થાય તે?

(A) ભોગોપભોગ વિરમણ (B) અનર્થદંડ વિરમણ

(C) પ્રાણાતિપાત વિરમણ (D) દેશાવગસિક વિરમણ

54) ઉન શબ્દનો અર્થ શું થાય?

(A) ઉણ (B) રૂ (C) ઓછુ (D) વધારે

55) કાયા સંબંધી છોડવા યોગ્યનો ત્યાગ કરવો તે?

(A) ઉત્સર્ગ (B) અપવાદ (C) સ્વીકાર (D) પરિહાર

56) 1 મુહૂર્તમાં કેટલા મિનિટ થાય?

(A) 60 (B) 30 (C) 48 (D) 10

57) ચરિમ પચ્ચક્ખાણના કેટલા પ્રકાર છે?

(A) 3 (B)1 (C)2 (D) 4

58) ક્ષેમર્ષિમુનિનો અભિગ્રહ કોને પુરો કર્યો?

(A) દેવ (B) મનુષ્ય (C) તિર્યંચ (D) નરક

59) વિગઇનું બીજુ નામ?

(A) ત્યાગ (B) તપ (C) વિકૃતિ (D) સ્વભાવ

60) 9 આગાર ક્યા પચ્ચક્ખાણના છે?

(A) ઉપવાસ (B) નીવિ (C) એકાશના (D) આયંબિલ

**Q-4 દૃષ્ટાંતમાંથી જવાબ આપો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

61) ધમ્મેલની માતાનું નામ શું હતું?

(A) પ્રભાવતી (B) સુભદ્રા (C) યક્ષા (D) બ્રાહ્મણી

62) માંસત્યાગનું પચ્ચક્ખાણ કોને લીધું હતું?

(A) સુનંદા (B) નંદ (C) આનંદ (D) બલભદ્ર

63) તિલંગદેશની રાજ કન્યા કોન હતી?

(A) ચમ્પા (B) ધરણપ્રિયા (C) કામિની (D) મૃગાવતી

64) વંકચૂલે શું કર્યું હતું.

(A) જુગાર (B) ચોરી (C) અબ્રહ્મ (D) પરિગ્રહ

65) હું વેશ્યાના રાગમાં પડ્યો.

(A) ક્ષેમર્ષિમુનિ (B) માનસુકુમાલમુનિ

(C) કુલવાલકમુનિ (D) અનાથી મુનિ

66) હરણ તથા હરણના બચ્ચાનો શિકાર કોને કર્યું.

(A) કોણિકરાજા (B) ચેડારાજા (C) ભોજરાજા (D) શ્રેણિકરાજા

67) વસુરાજાએ શું કર્યું.

(A) ચોરી કરી (B) અસત્ય બોલવું (C) હિંસા કરી (D) નિંદા કરી

68) યુધિષ્ઠિરે અસત્ય બોલી શું બાંધ્યું.

(A) પાપ (B) અયશ (C) અપકિર્તિ (D) પુન્ય

69) તંદુલીયો મત્સ્ય શેનાથી નરકે ગયો?

(A) હિંસા (B) પરિગ્રહ (C) મૃષાવાદ (D) અવિરતિ

70) કામરુપ નગરના ચંડાલના પુત્રનું નામ શું પડ્યું.

(A) નયસાર (B) પૂણ્યસાર (C) ધનસાર (D) ધર્મસાર

**Q-5** **દરેક પ્રશ્નના 2-2 માર્ક્સ**

71) નીચેની બાબતો ક્રમસર ગોઠવી હોય તેવો સાચો વિકલ્પ કયો?

(A) અનાગત, અતિક્રાંત, કોટિસહિત, નિયંત્રિત, અનાગાર

(B) અતિક્રાંત, કોટિસહિત, અનાગાર, અનાગત, નિયંત્રિત

(C) અનાગાર, નિયંત્રિત, કોટિસહિત, અતિક્રાંત, અનાગત

(D)કોટિસહિત, અનાગાર, નિયંત્રિત, અતિક્રાંત, અનાગત

72) નીચેના દુહા માંથી ક્યો દુહો સાચો છે.

(A) અંગ, વદન, મન, ભૂમિકા, પૂજોપગરણ સાર
દ્રવ્ય, ભાવ, વિધિશુદ્ધતા શુદ્ધિ સાત પ્રકાર

(B) અંગ વસન તન ભૂમિકા, સર્વોપગરણ સાર
ન્યાયદ્રવ્ય, વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર

(C) અંગ, વસન, મન, ભૂમિકા, પૂજોપગરણ સાર
ન્યાય દ્રવ્ય વિધિશુદ્ધતા શુદ્ધિ સાત પ્રકાર

(D) અન્ન વસન મન ભૂતિતા પૂજોપગરણં સાર
ન્યાય દ્રવ્ય વિધિશુદ્ધતા વિધિ સાત પ્રકાર

73) દૃષ્ટાંત માંથી કઈ બાબત સાચી.

(A) મુનિ કુલવાલક જંગલમાં રહેવા છતા વેશ્યામાં રાગના કારણે પતિત થયા.

(B) મુનિ ક્ષેમર્ષિ જંગલમાં રહેવા છતા પત્નીમાં રાગ  કારણે પતિત થયા.

(C) મુનિ કુલવાલક ઉપાશ્રયમાં રહેવા છતા પત્નીમાં રાગના કારણે પતિત થયા.
(D) મુનિ ક્ષેમર્ષિ ધ્યાનમાં રહેવા છતા વેશ્યામાં રાગના કારણે પતિત થયા.

74) તિરિત (શુદ્ધિ) પચ્ચક્ખાણની વ્યાખ્યા શું.
(A) વારંવાર ઉપયોગ પૂર્વક કરેલા પચ્ચક્ખાણને યાદ કરવા દ્વારા તેની રક્ષા કરવી
(B) ગુરુ વગેરે ગોચરીનો લાભ આપી દે પછી શેષ રહેલુ ભોજન વાપરવા પૂર્વક શોભાવવુ.
(C) પચ્ચક્ખાણનો ટાઈમ પૂરો થવા છતા પણ કઈક વધારે ટાઈમ રાહ જોવી.
(D) ભોજન વેળાએ મે અમુક પચ્ચક્ખાણ કર્યું છે તે પુરુ થયુ માટે હવે વાપરુ.

75) છ વિગઈ યોગ્ય ક્રમમાં ગોઠવેલ હોય તેવો સાચો વિકલ્પ કયો ?
(A) ગોળ, દુધ, તેલ, પકવાન્ન, ઘી, દહી
(B) દુધ, દહી, ઘી, તેલ, ગોળ, પકવાન્ન
(C) દહી, તેલ ગોળ, પકવાન્ન, ઘી, દુધ
(D) ગોળ, તેલ, ઘી, દુધ, પકવાન્ન, દહી

76) કાલસૌકરિક દરરોજ ના પાડા મારતો હતો.
(A) 300 + 100 + 50 + 25
(B) 250 + 50 + 100 + 75
(C) 75 + 225 + 50 + 50
(D) 75 + 75 + 200 + 150

77) દેરાસરના પહેલા પગથિયા ઉપર પુરુષ સ્ત્રીએ ક્યો પગ મુકવો.
(A) જમણો પગ મુકી પુરુષ-સ્ત્રી દેરાસરમાં પ્રવેશ કરવો.
(B) ડાબો પગ મુકી પુરુષ-સ્ત્રી દેરાસરમાં પ્રવેશ કરવો.
(C) પુરુષે ડાબો તથા સ્ત્રીએ જમણો પગ મુકી દેરાસરમાં પ્રવેશ કરવો.
(D) પુરુષે જમણો સ્ત્રીએ ડાબો પગ મુકી દેરાસરમાં પ્રવેશ કરવો.

78) ચંદનાદિનું વિલેપન કરવાથી કેટલા ઉપવાસનો લાભ મલે.
(A) 250 + 250 + 250 + 250
(B) 210 + 310 + 400 + 10
(C) 500 + 100 + 200 + 50
(D) 100 + 400 + 100 + 200

79) કઈ આંગલીથી ક્યા તિલક કરાય.

(A) 1. યુદ્ધ જતા પતિને = અંગુઠાથી
2. શ્રાદ્ધની ક્રિયા વખતે = તર્જનીથી
3. ચોપડા પૂજન વખતે = મધ્યમાથી
4. પરમાત્માની પૂજા વખતે = અનામિકાથી

(B) 1. યુદ્ધ જતા પતિને = તર્જનીથી
2. શ્રાદ્ધની ક્રિયા વખતે = મધ્યમાથી
3. ચોપડા પૂજન વખતે = અનામિકાથી
4. પરમાત્માની પૂજા વખતે = અંગુઠાથી

(C) 1. યુદ્ધ જતા પતિને = અનામિકાથી
2. શ્રાદ્ધની ક્રિયા વખતે = મધ્યમાથી
3. ચોપડા પૂજન વખતે = તર્જનીથી
4. પરમાત્માની પૂજા વખતે = અંગુઠાથી

(D) 1. યુદ્ધ જતા પતિને = મધ્યમાથી
2. શ્રાદ્ધની ક્રિયા વખતે = અંગુઠાથી
3. ચોપડા પૂજન વખતે = અનામિકાથી
4. પરમાત્માની પૂજા વખતે = તર્જનીથી

80) પરમાત્માની પૂજા બાબતે અષ્ટપડ વાળો જ મુખકોશ કેમ?

(A) શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલો આઠપડવાળા મુખકોશને ભેદતા નથી માટે
(B) આઠપડ વાળો મુખકોશ અષ્ટકર્મ ખપાવવા માટે આઠ પડ
(C) અષ્ટમંગલ છે માટે આઠપડ વાળો મુખકોશ
(D) અષ્ટસિદ્ધિની યાચના માટે અષ્ટપડ વાળો મુખકોશ

81) લક્ષ્મણા સાધ્વીનો સંસાર કેટલી ચોવીસી સુધી વધ્યો.

(A) 20 + 30 + 10 + 10
(B) 15 + 15 + 15 + 15
(C) 40 + 20 + 20
(D) 30 + 30 + 10

82) નીચેની વ્યાખ્યાં યોગ્ય કરો.

(A) એકેન્દ્રિય જીવ કવલાહાર કરે છે પણ વિરતિના પરિણામ ન હોય. ઉપવાસનું ફલ મળે.

(B) એકેન્દ્રિય જીવ કવલાહાર ન કરે પણ વિરતિના પરિણામ હોય, ઉપવાસનું ફલ ન મળે.

(C) એકેન્દ્રિય જીવ કવલાહાર કરે પણ વિરતિના પરિણામ હોય, ઉપવાસનું ફલ ન મળે.

(D) એકેન્દ્રિય જીવ કવલાહાર ન કરે પણવિરતિના પરિણામ ના હોય ઉપવાસનું ફલ ન મળે.

83) અતિથિ સંવિભાગની વિધિ શું.

(A) પહેલે દિવસે ઉપવાસ કરીને અહોરાત્ર પૌષધ, બીજે દિવસે સુપાત્રદાન અને એકાસણું

(B) પહેલે દિવસે આયંબિલ, અહોરાત્ર પૌષધ, બીજે દિવસે સુપાત્રદાન અને બીયાસણું

(C) પહેલે દિવસે એકાશણુ, રાત્રી પૌષધ, બીજે દિવસે સુપાત્રદાન અને એકાસણું.

(D) પહેલે દિવસે ઉપવાસ, દિવસે પૌષધ, બીજે દિવસે સુપાત્રદાન અને નવકારશી

84) નવમાં વ્રતના અતિચાર માં ક્યા ભેદો છે.

| | | | | |
|---|---|---|---|---|
| (A) | 1. કંદર્પ | 2. કૌત્કુચ્ય | 3. મૌખુર્ય | 4. સંયુક્તાધિકરણ |
| (B) | 1. આહાર | 2. શરીર | 3. બ્રહ્મચર્ય | 4. અવ્યાપાર |
| (C) | 1. મનોદુષ્પ્રણિઘાત | 2.વચનદુષ્પ્રણિઘાત | 3.કાયાદુષ્પ્રણિઘાત | 4.અનવસ્થાન |
| (D) | 1. ભોગ | 2. ઉપભોગ | 3.પરિભોગ | 4. અભોગ |

85) વિનયના 7 પ્રકાર ક્યા સાચા.

(A) 1. જ્ઞાન, 2. દર્શન, 3. ચારિત્ર, 4. તપ, 5. મન, 6. વચન, 7. કાયા

(B) 1. જ્ઞાન, 2. દર્શન, 3. ચારિત્ર, 4. મન, 5. વચન, 6. કાયા, 7. ઉપચાર

(C) 1. મન, 2. વચન, 3. કાયા, 4. પ્રણિધાન, 5. ઉપચાર, 6. જ્ઞાન, 7. ચારિત્ર

(D) 1. ઉપચાર, 2. દર્શન, 3. તપ, 4. મન, 5. વચન, 6. સ્મરણ, 7. આદર

# -: શ્રાદ્ધ વિધિ પ્રકરણપરિશીલન :-

**ત્રીજું પ્રશ્નપત્ર પેજ નં. 107 થી 163 સુધી** **કુલ માર્ક્સ - 100**

**Q-1 સાચો વિકલ્પ પસંદ કરો :-** **દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

1) કાર્ય સિદ્ધિમાટે ક્યાં વર્ણના પુષ્પો લેવા જોઈએ
(A) શ્વેતવર્ણ (B) પીતવર્ણ (C) શ્યામવર્ણ (D) પાંચવર્ણ

2) પુર્વભવમાં અષ્ટપદ ઉપર 24 તીર્થંકરોના જિનબિમ્બોને રત્નના તિલક કોને કરાવ્યા.
(A) રુક્મિણી (B) સુલસા (C) દમયંતી (D) સીતા

3) ફુલની સાથે ગુંથેલા ચન્દરવાને શું કહેવાય.
(A) વેષ્ટિમ (B) પૂરિમ (C) ગ્રંથિમ (D) સંઘાતિમ

4) અગ્નિવૈતાલને સો મુડા શું આપવાથી વશ થયો
(A) નૈવેદ્ય (B) ફલ (C) આભૂષણ (D) ફૂલ

5) રાંધેલા અન્નથી શું થાય છે?
(A) ઉપદ્રવની શાંતિ (B) મનની શાંતિ (C) વ્યાકુલતા (D) નિર્ભયતા

6) કોના પ્રકાશથી દેવો આકર્ષાય છે.
(A) સૂર્યના (B) ચન્દ્રના (C) દીપકના (D) લાઈટના

7) અક્ષતપૂજાથી કોણ દેવ બન્યા?
(A) મોર-પોપટ (B) હંસયુગલ (C) ચકલી-ચકલો (D) પોપટ-મેના

8) અરિહંત ચેઇઆણં સૂત્રનુ બીજુ નામ શું છે.
(A) સિદ્ધસ્તવ (B) ચૈત્યસ્તવ (C) નામસ્તવ (D) શ્રુતસ્તવ

9) ગિરિ-ગુફામાં કયો શ્રાવક રહ્યો હતો
(A) અષાઢી શ્રાવક (B) આનન્દ શ્રાવક (C) પુણ્યો શ્રાવક (D) ગંધાર શ્રાવક

10) પ્રભુ પૂજા કરતા કઈ દિશા વર્જવી જોઈએ.

(A) પૂર્વ (B) પશ્ચિમ (C) ઉત્તર (D) વિદિશા

**Q-2 સંખ્યા માં જવાબ આપો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

11) શ્રાવકને દિવસમાં કેટલા ચૈત્યવંદન બતાવ્યા?

(A) 5 (B) 8 (C) 7 (D) 9

12) ભગવાનની છદ્મસ્થાવસ્થાના કેટલા પ્રકાર છે?

(A) 6 (B) 3 (C) 4 (D) 2

13) અભિગમની સંખ્યા કેટલી?

(A) 2 (B) 7 (C) 9 (D) 5

14) જિનાજ્ઞા કેટલા પ્રકારે છે?

(A) અનેક (B) 2 (C) 7 (D) 1

15) ધર્માનુષ્ઠાન કેટલા પ્રકારે છે?

(A) 4 (B) 2 (C) 5 (D) 9

16) ભગવાનની મુખ્યતયા પૂજા કેટલા પ્રકારે?

(A) 3 (B) 5 (C) 7 (D) 9

17) પરમાત્માને પ્રણામ કેટલા પ્રકારે છે?

(A) 3 (B) 4 (C) 6 (D) 2

18) વર્ણ કેટલા પ્રકારે છે?

(A) 1720 (B) 1980 (C) 1647 (D) 2023

19) ત્રિક ના પ્રકાર કેટલા?

(A) 9 (B) 12 (C) 8 (D) 10

20) યોનિની સંખ્યા કેટલી?

(A) 99 (B) 58 (C) 84 (D) 21

## Q-3 ખાલી જગ્યા પૂરો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ

21) પ્રભુ ની.............. બાજુ ઉભા રહી દીપકપૂજા કરવી.
(A) ડાબી (B) આગળ (C) પાછળ (D) જમણી

22) લાલ વર્ણના પુષ્પો........... માં લેવા?
(A) શાંતિકાર્ય (B) લાભકારી કાર્ય (C) કાર્યસિદ્ધિ (D) મંગલકાર્ય

23) યુદ્ધમાં જતા પતિને............ તિલક કરવું
(A) બીજી આંગળીથી (B) અંગુઠાથી (C) છેલ્લી આંગળીથી (D) મધ્ય આંગળીથી

24) અષ્ટપ્રકારી પૂજામાં.......... પૂજા ધુપપૂજા છે
(A) 2 (B) 4 (C) 8 (D) 1

25) સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રને.......... કહેવાય છે
(A) નામસ્તવ (B) સિદ્ધસ્તવ (C) શ્રુતસ્તવ (D) ચૈત્યસ્તવ

26) વિચક્ષણ પુરુષોએ મધ્યાહ્નકાલે........... કરવી
(A) ફૂલપૂજા (B) અક્ષતપૂજા (C) દીપપૂજા (D) ચન્દનપૂજા

27) .......... ખુણાંમાં લુણ નિક્ષેપ કરવો.
(A) અગ્નિ (B) નૈઋત્ય (C) વાયવ્ય (D) ઇશાન

28) જ્ઞાન-દર્શન-અને ચારિત્રની પ્રાપ્તી માટે........... આપવી?
(A) પૂજા (B) પ્રદક્ષિણા (C) સ્તુતિ (D) મનમાં આવે તે

29) પ્રભૂની ત્રિકાલ પૂજા કરનાર પ્રાણી...............ને પામે
(A) દિક્ષા (B) દેવગતિ (C) સિદ્ધિ (D) રિદ્ધિ

30) સંધ્યા સમયે કરેલી પૂજા.................જન્મના પાપ નાશ કરે
(A) 3 (B) 7 (C) 7 (D) જેટલા કરેલા બધા

## Q-4 વિકલ્પમાંથી જુદો પડતો શબ્દ બતાવો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ

31) (A) સિદ્ધસ્તવ (B) નામસ્તવ (C) લોગસ્સસ્તવ (D) ચૈત્યસ્તવ

32) (A) ગ્રંથિમ (B) વેષ્ઠિમ (C) પુરિમ (D) કાલિમ

33) (A) અશન (B) સંઘાતિમ (C) ખાદિમ (D) સ્વાદિમ

34) (A) સ્વોપચારિકી (B) અષ્ટોપચારિકી (C) પંચોપચારિકી (D) સર્વોપિચારિકી

35) (A) પદસ્થાવસ્થા (B) પિંડસ્થાવસ્થા (C) ગૃહસ્થાવસ્થા (D) સિદ્ધાવસ્થા

36) (A) પ્રીતિ અનુષ્ઠાન (B) અસંગ અનુષ્ઠાન (C) વચન અનુષ્ઠાન (D) ભોજન અનુષ્ઠાન

37) (A) ઇશાન (B) નૈઋત્ય (C) અગ્નિ (D) ઉત્તર

38) (A) દ્રવ્યપૂજા (B) ભાવપૂજા (C) અંગપૂજા (D) અગ્રપૂજા

39) (A) પંચપરમેષ્ઠિ મુદ્રા (B) યોગમુદ્રા (C) જિનમુદ્રા (D) મુક્તાસુક્તિ મુદ્રા

40) (A) ચારિત્ર (B) ભાવ (C) દર્શન (D) જ્ઞાન

## Q-5 વિકલ્પ માંથી શુદ્ધ શબ્દ શોધો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ

41) (A) દમયંતી (B) દમ્યંતી (C) દમયતિ (D) દમન્તી

42) (A) ઊત્કૃષ્ટ (B) ઉત્કૃષ્ટ (C) ઉહક્રુશ્ટ (D) ઉદ્કૃષ્ઠ

43) (A) પ્રમાજર્ના (B) પ્રમ્રાજના (C) પ્રમાર્જના (D) પ્રર્માચના

44) (A) અબ્ધિ (B) અવિધિ (C) અવીધિ (D) અવિધી

45) (A) નિર્વૃતિકારિણી (B) નિવર્તૃકારિણી (C) નિર્વતૃકારિણી (D) નિવૃત્તિ કારિણી

46) (A) જીનશ્વર (B) જિનેશ્વર (C) જીનેસ્વર (D) જિનેષ્વર

47) (A) ઉવેણેઉવા (B) ઉવેણઉરા (C) ઉવણેઉ વા (D) ઉવણેઓ આ

48) (A) અષ્ટાહ્નિકા (B) અશ્ટાહ્નિકી (C) અષ્ટાન્હિકા (D) અષ્ઠાન્હીકા

49) (A) સ્વાસુચ્છ્વાસ (B) શ્વાસોચ્છ્વાસ (C) ષ્વાસોચ્સ્વાસ (D) શ્વાસશ્વાસ

50) (A) શ્રાત્ધ (B) શ્રાધ્દ (C) શ્રાદ્ધ (D) સ્રાદ્ધ

## Q-6 દષ્ટાંતના જવાબ આપો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ

51) ચંદનપૂજા માં મારું દષ્ટાંત છે?
(A) પોપટ (B) મોર (C) હંસ (D) ચકલો

52) અક્ષતપૂજા માં મારું દૃષ્ટાંત છે?
(A) મેના (B) કોયલ (C) ચકલી (D) તીતર

53) શાંતિસ્નાત્ર પૂજા અંગે કોનું દૃષ્ટાંત છે?
(A) રાજા શ્રેણિક (B) રાજા ભરત (C) રાજા દશરથ (D) રાજા ચેડા

54) ચિત્રલેખન વિશે ક્યા યક્ષનું નામ આવે?
(A) કપર્દિયક્ષ (B) સુરપ્રિયયક્ષ (C) પાર્શ્વયક્ષ (D) ગરુડયક્ષ

55) પ્રભુપૂજા વિષે દ્વેષ કરનારમાં કોનું નામ છે?
(A) અનુપમા દેવી (B) ત્રિશલા રાણી (C) કુંતલારાણી (D) રુક્મિણી રાણી

56) ધર્મદત્ત રાજાનું દૃષ્ટાંત ક્યા વિષયમાં છે?
(A) વિધિ-બહુમાન (B) પૂજા-ભક્તિ (C) અવિધિ-આશાતના (D) ગીત-નૃત્ય

57) સિદ્ધપુરુષની સેવા કોન કરતું હતું?
(A) સ્વાર્થી પૂરુષ (B) દ્રવ્યાર્થી પૂરુષ (C) નિસ્વાર્થી પૂરુષ (D) વિદ્યાર્થી પૂરુષ

58) વસ્તુપાલ મંત્રીએ પોતાના કેટલા જિનબિંબ ભરાવ્યા?
(A) સવા હજાર (B) સવા કરોડ (C) સવા લાખ (D) સવા સો

59) દમયંતીસતિના દૃષ્ટાંતમાં ક્યો પર્વત આવે?
(A) મેરુપર્વત (B) અષ્ટાપદ પર્વત (C) ગજપદ પર્વત (D) ગિરનાર પર્વત

60) રામના ચરિત્રમાં કઈ પૂજાનું દૃષ્ટાંત છે?
(A) જલપૂજા (B) ફલપૂજા (C) અક્ષતપૂજા (D) પુષ્પપૂજા

**Q-7 સંખ્યામાં જવાબ આપો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

61) પરમાત્માની કેટલી અવસ્થા બતાવી?
(A) 9 (B) 7 (C) 3 (D) 5

62) પરમાત્મ પૂજા ના કેટલા પ્રકાર છે?
(A) 4 (B) 3 (C) 6 (D) 2

63) નવસૂત્ર માં કેટલા પદ છે?
(A) 108 (B) 206 (C) 181 (D) 96

64) પરમાત્માની ચન્દનપૂજા કેટલા સ્થાને કરવી?

(A) 9 (B) 13 (C) 5 (D) 10

65) ગાથાના કેટલા ચરણને સંપદા કહેવાય?

(A) 3 (B) 7 (C) 9 (D) 2

66) કેટલી દિશાનું વર્જન ભાવપૂજામા કિધેલું છે?

(A) 2 (B) 1 (C) 3 (D) 4

67) આહારના કેટલા પ્રકાર છે?

(A) 8 (B) 3 (C) 4 (D) 2

68) ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં કેટલા દંડક આવે?

(A) 9 (B) 24 (C) 5 (D) 3

69) શાસ્ત્રોમાં કેટલા પ્રકારની પૂજા ગણાવી છે?

(A) 2 (B) 4 (C) 3 (D) 18

70) બલીનું ચૂર્ણ મસ્તક પર નાખવાથી કેટલા માસ રોગ ન થાય

(A) 6 (B) 12 (C) 1 (D) 4

**Q-8** **દરેક પ્રશ્નના 2-2 માર્ક્સ**

71) પરમાત્માની પૂજાની સાચી રીત કઈ?

(A) નવ અંગ નવસ્થાન (B) નવસ્થાન તેર અંગ

(C) તેર સ્થાન તેર અંગ (D) નવ અંગ તેર સ્થાન

72) નિર્ધન શ્રાવકે સામાયિક કરીને પણ દ્રવ્યસ્તવ કેમ કરવું?

(A) સમ્યગ્દૃષ્ટિ જીવને બોધિબીજની પ્રાપ્તિ આજ્ઞાનું પાલન

(B) મનુષ્યગતિ ની પ્રાપ્તિ, ધનની પ્રાપ્તિ

(C) દેવગતિ ની પ્રાપ્તિ, આજ્ઞાનું પાલન

(D) મિથ્યાત્વ થી નિર્વૃત્તિ, મનુષ્યગતિ ની પ્રાપ્તિ

73) પ્રતિમા વિવિધ પ્રકારની હોય, તેના ભેદ, પૂજાવિધિ માં કહેલા છે.

(A) નવતત્ત્વ પ્રકરણ માં (B) જ્ઞાનસાર પ્રકરણ માં

(C) સમ્યક્ત્વ પ્રકરણ માં (D) ચાર પ્રકરણ માં

74) એકવીશ પ્રકારીપૂજા માં પહેલી પાંચ પૂજા કઈ? સાચો ક્રમ લખો.

(A) 1. જલપૂજા 2. ચંદનપૂજા 3. પુષ્પપૂજા 4. ધૂપપૂજા 5.દીપકપૂજા

(B) 1. સ્નાત્રપૂજા 2. વિલેપનપૂજા 3. આભૂષણપૂજા 4. પુષ્પપૂજા 5.વાસક્ષેપ

(C) 1. વિલેપનપૂજા 2. બરાસપૂજા 3. મુકુટપૂજા 4. દીપકપૂજા 5.દર્પણપૂજા

(D) 1. જલપૂજા 2. પુષ્પપૂજા 3. ફલપૂજા 4. અક્ષતપૂજા 5.આભૂષણપૂજા

75) સ્નાત્ર જલની ધારા જ્યા સુધી પડે ત્યાં સુધી મસ્તક શુન્ય ન રખાય એવું કોને કીધું?

(A) કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય મહારાજા

(B) વાદિવૈતાલ શ્રીશાંતિસૂરિ મહારાજા

(C) મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજા

(D) આચાર્ય શ્રીહીરસૂરીશ્વરજી મહારાજા

76) અંતરાયકર્મની પૂજાની ઢાલનું સારાંશ અહી શું છે?

(A) પોપટ-મેના ને દેવગતિની પ્રાપ્તિ

(B) હંસ યુગલ ને સિદ્ધિગતિની પ્રાપ્તિ

(C) મનુષ્ય માથી દેવગતિની પ્રાપ્તિ

(D) ત્રણ માંથી કાંઈ નહિ

77) નૈવેદ્ય પૂજા દરરોજ કેમ કરવી?

(A) ભગવાને કિધુ એટલે

(B) પૂજાના ક્રમમાં છે એટલે

(C) સુખે થી થઈ શકે અને મહા ફલદાય છે માટે

(D) નૈવેદ્ય પૂજા ના દુહા છે માટે

78) પ્રભાવતીરાણી ના શબ્દો શું હતા?

(A) ભગવાન મારું રક્ષણ કરો મને ઉગારો

(B) ભૂમિમાં જે ધન છે તે મારું થાઓ

(C) સાધુ ભગવંત ગોચરી પાણીનું લાભ આપજો

(D) આ પેટી મા શ્રી વર્ધમાનસ્વામિની પ્રતિમા હોય તો પ્રગટ થાઓ

79) ચૈત્યવંદન ના કેટલા સૂત્રો કેટલા વર્ણ બતાવ્યા?

(A) 9 સૂત્ર 1500 વર્ણ (B) 7 સૂત્ર 1866 વર્ણ

(C) 11 સૂત્ર 1008 વર્ણ (D) 9 સૂત્ર 1647 વર્ણ

80) દેવલોક માટે નીચેની કઈ વાત છે?

(A) જઘન્ય દ્રવ્યસ્તવની આરાધના (B) જઘન્ય ભાવસ્તવની આરાધના

(C) ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવની આરાધના (D) ઉત્કૃષ્ટ ભાવસ્તવની આરાધના

81) અભોગ દ્રવ્યસ્તવથી શેનો લાભ થાય?

(A) ભક્તિમાર્ગ તથા ભક્તિનો (B) તપધર્મ તથા તપનો

(C) ચારિત્રમાર્ગ તથા ચારિત્રનો (D) જ્ઞાનતત્ત્વનો તથા જ્ઞાનનો

82) જિનેશ્વર ભગવંતની ત્રણ સંધ્યાએ પૂજાનો લાભ?

(A) દોષોનું દમન ધનની પ્રાપ્તિ

(B) સમ્યક્ત્વની પ્રાપ્તિ તીર્થંકર નામકર્મ ઉપાર્જન

(C) ચારિત્રની પ્રાપ્તિ દેવગતિની પ્રાપ્તિ

(D) મનુષ્ય ભવ તથા મનુષ્યગતિ ની પ્રાપ્તિ

83) મુક્તાસુક્તિ મુદ્રા ક્યા-ક્યા સૂત્રમાં કરાય?

(A) પંચિન્દ્રિય તથા ખમાસમણ સૂત્રમાં

(B) ઉવસગ્ગહરં તથા નમોઽર્હત સૂત્રમાં

(C) જાવંતિ ચેઇઆઈ તથા જાવંત કેવિ સાહુ સૂત્રમાં

(D) વંદિત્તુ તથા લઘુશાન્તિ સૂત્રમાં

84) અર્ધાવનત પ્રણામ કઇ રીતે થાય?

(A) બે હાથ જોડી કપાલે હાથ લગાડવાથી

(B) બે હાથ બે પગ પડે

(C) કેડ ઉપરનો ભાગ નમાવવાથી

(D) ભાવથી મસ્તક નમાવવાથી

85) ભગવાનની પૂજા કઇ-કઇ દિશામાં ઉભા રહી કરવી?

(A) પશ્ચિમ-દક્ષિણ (B) અગ્નિ-ઇશાન (C) પૂર્વ-ઉત્તર (D) વાયવ્ય-નૈઋત્ય

॥ ૐ નમો સર્વજ્ઞાય ॥

# -: શ્રાદ્ધ વિધિ પ્રકરણપરિશીલન :-

**ચોથું પ્રશ્નપત્ર પેજ નં. 164 થી 220 સુધી** **કુલ માર્ક્સ - 100**

**Q-1 ખાલી જગ્યા પૂરો :-** **દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

1) દેવદ્રવ્યનો વિનાશ કરે, સાધુનો ઘાત કરે, જૈનશાસનની નિંદા કરાવે, સાધ્વીનું ચોથું વ્રત ભંગાવે તો તેના બોધિલાભ રૂપ..............માં અગ્નિ લાગે છે?
(A) બીજ (B) મૂળ (C) ઘર (D) ધર્મ

2) શય્યા કરી સુવે તે જિનમંદિરની...........આશાતના છે.
(A) જઘન્ય (B) ઉત્કૃષ્ટ (C) એકેય નહિ (D) મધ્યમ

3) મુગટ રાખવો તે જિનાલયની............આશાતના છે.
(A) મધ્યમ (B) જઘન્ય (C) ઉત્કૃષ્ટ (D) ત્રણેય

4) દેરાસરની સેવાના આધારે ઘરની કે ગામ ગરાસ જમીન ભોગવતા હોય તો તે સાધુ............પણ કરે.a
(A) પ્રેરણા (B) ઠપકો (C) નિર્ભર્ત્સના (D) સન્માન.

5) પ્રતિમા પોતાના હાથેથી ભાંગવી તે દેવની..........આશાતના છે.
(A) જઘન્ય (B) મધ્યમ (C) ઉત્કૃષ્ટ (D) જઘન્યમાં મધ્યમ

6) જે દેરાસરની સારસંભાર કરનારા શ્રાવક વગેરે ન હોય એવા દેરાસરને..............કહેવાય.
(A) સંવિજ્ઞ દેવાલય (B) અસંવિજ્ઞ દેવકુલિકા
(C) ધણી વગરની ધજા (D) એકેય નહિ

7) ઇન્દ્રપુર નગરમાં............નામે એક વ્યવહારી હતો.
(A) ઇન્દ્રસેન (B) રૂપસેન (C) દેવસેન (D) ગાંધર્વસેન

8) પોતાના પૈસે લાવેલી છાબડિયો, ચંગેરી આદિ વસ્તુ...........ની નિશ્રામાં રાખવી.
(A) સાધુ (B) દેરાસર (C) પોતા (D) પેઢી

9) વિવેકી પુરુષે ધર્મ ખાતે કાઢેલું દ્રવ્ય.............રાખવું.
(A) સાધારણ (B) પોતીકું (C) સ્વજન સાખે (D) આત્મસાક્ષીએ

10) જયંતિ અને મૃગાવતી............થાય.
(A) બહેનો (B) માસી-ભાણેજ (C) કાકી-ભત્રીજી (D) નણંદ-ભોજાઈ

11) રેવતિ શ્રાવિકાએ.............ભાવવૃદ્ધિ સહિત વહોરાવી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.
(A) બીજોરાપાક (B) કોળાપાક (C) પરમાન્ન (D) દુધપાક

12) ............સાંભળે તો બુદ્ધિનો મોહ જાય, કુપંથનો ઉચ્છેદ થાય. મોક્ષેચ્છા વૃદ્ધિ થાય.
(A) ભક્તિગીત (B) ગુણીજનના ગુણ (C) શ્રી વચન (D) જિનવચન

13) બપ્પભટ્ટીસૂરિના સદુપદેશથી.............એ એક પ્રાસાદ કરી તેમાં સુવર્ણની ભગવાન મહાવીર સ્વામી પ્રભુની પ્રતિમા સ્થાપના કરી.
(A) કામરાજા (B) આમરાજા (C) નામરાજા (D) ચામરાજા

14) ................કરેલું દેવાદિ દ્રવ્ય ક્ષણમાત્ર પણ ઘરમાં ન રાખવું.
(A) ચોરી (B) થાપણ (C) કબૂલ (D) સાક્ષી

15) ................દ્રવ્ય તે દેરાસર, પુસ્તક, આપત્ગ્રસ્ત શ્રાવક વેગેરેને ઉદ્ધરવાને યોગ્ય દ્રવ્ય ઋદ્ધિમંત શ્રાવકોએ મળી મેળવ્યું હોય છે?
(A) દેવ (B) સાધારણ (C) જ્ઞાન (D) ગુરુ

16) ધર્મના સાક્ષી............છે.
(A) દેવ (B) ગુરુ (C) ધર્મ (D) કર્મ

17) ભાવની અધિકતાથી અધિક.............થાય છે.
(A) ઋદ્ધિ (B) સુખ (C) પુન્ય (D) ધર્મ

18) ...............સાધુની વૈયાવચ્ચ કરવામાં મહાલાભ છે.
(A) જ્ઞાની (B) ધ્યાની (C) ગ્લાન (D) મ્લાન

19) શુદ્ધ પચ્ચક્ખાણથી.............ધર્મની પ્રાપ્તિ થાય છે.
(A) દાન (B) શીલ (C) શ્રાવક (D) ચારિત્ર

20) પુષ્પચૂલ અને પુષ્પચૂલા.............થાય

(A) પતિ-પત્ની (B) ભાઈ-બહેન (C) જમાઈ-સાસુ (D) દિયર-ભોજાય

**Q-2 ગ્રંથના આધારે શબ્દોના અર્થ જણાવો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

21) એકસાટિક

(A) એક વસ્ત્ર (B) અજીર્ણવસ્ત્ર (C) અખંડવસ્ત્ર (D) એક સાડી

22) જઘન્ય

(A) ઓછામાં ઓછી (B) હીન (C) લઘુ (D) નાનામાં નાનું

23) મા રૂષ મા તુષ

(A) રાગ દ્વેષ ન કરવો (B) રોષ ન કરવો રાગ ન રાખવો

(C) મા રો મા હસ (D) મોં ખુશ થા મોં દુઃખી ના થા.

24) તીર્થંકર પ્રવચન

(A) આગમ (B) વ્યાખ્યાન (C) દેશના (D) જિનશાસન

25) મંડુક

(A) દેડકા (B) પુડલા (C) કાકિણી (D) મોદક

**Q-3 નીચે પૂછાયેલ પ્રશ્નના ઉત્તર આંક (સંખ્યા)માં જણાવો :-**
**દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

26) નિષ્પુણ્યકે એક કાકિણીના બદલામાં કેટલી કાકિણી દેવદ્રવ્ય ખાતે આપી?

(A) 1,000 (B) 10,000 (C) 1,00,00 (D) 10,00,000

27) સમ્યક્ત્વની કઈ વૃત્તિમાં સંકાશશેઠની કથા આવે છે?

(A) 22 (B) 23 (C) 32 (D) 25

28) જિનમંદિર સંબંધી જઘન્ય આશાતના કેટલી?

(A) 84 (B) 40 (C) 10 (D) 3

29) પુત્રએ પિતાને ઋણમુક્ત કરવા કેટલા ગણું દ્રવ્ય આપ્યું?

(A) 100 (B) 1000 (C) 10,000 (D) 1,00,000

30) મહેન્દ્ર નગરના સંઘે જિનાલય સંબંધી કામ માટે કેટલા માણસ રાખ્યા હતા?

(A) 3 (B) 4 (C) 5 (D) 6

31) તીર્થ આદિ સ્થળોમાં દેવપૂજા, સ્નાત્ર, ધ્વજારોપણ આદિ અવશ્ય કરવા યોગ્ય ધર્મકૃત્યો સ્વદ્રવ્યથી કરવા તે વાત ક્યા પેજ પર જણાવી છે?

(A) 164 (B) 185 (C) 172 (D) 220

32) ગુરુવંદન કેટલી વાર કરવું જોઈએ?

(A) 2 (B) 4 (C) 7 (D) 3

33) આ શાસ્ત્રમાં ઉત્સૂત્ર પ્રરૂપણા ની વાત કરતાં કેટલા જીવોના નામ આપ્યા છે?

(A) 4 (B) 5 (C) 10 (D) અનંત

34) વંકચૂલ કેટલા નિયમ પાળી ક્યા દેવલોક ગયો?

(A) 12, 4 (B) 3,7 (C) 4,12 (D) 7, 3

35) ગુરુ સંબંધી કેટલી આશાતના લાગે છે?

(A) 32 (B) 33 (C) 34 (D) 36

36) જીવાનંદ આદિ કેટલા મિત્રો પુણ્યોપાર્જન કરી મરી ક્યા દેવલોકમાં ગયા?

(A) 6, 12 (B) 5, 10 (C) 5,12 (D) 6, 10

37) વિજયસેનસૂરિના શિષ્ય સ્વપ્નમાં કેટલા સો હાથી જોયા?

(A) 50 (B) 500 (C) 5 (D) 25

38) અવિનય શબ્દથી કહેવાયેલ હોય એવી ગુરુ આશાતના કેટલી?

(A) 6 (B) 8 (C) 4 (D) 5

39) રેવતિ શ્રાવિકા આવતી ચોવિશીમાં ક્યા તીર્થંકર થશે?

(A) 10 માં (B) 15 માં (C) 16 માં (D) 17 માં

40) પૂરણ તાપસ કેટલા મહિના ના ઉપવાસ ને અંતે મરી ચમરેન્દ્ર થયો?

(A) 60 (B) 2 (C) 1 (D) 66

41) ઉજ્જૈની નગરીમાં ધન્ના શેઠના ગૃહમાં સૌભાગ્યવંતી કેટલી સ્ત્રીઓ હતી?

(A) 32 (B) 23 (C) 300 (D) 33

42) બપ્પભટ્ટીસૂરિ રોજના કેટલા હજાર શ્લોક કંઠસ્થ કરી શકતા હતા?

(A) 1 (B) 1000 (C) 100 (D) 700

43) કુવ્યાપાર કર્માદાન કેટલા છે?

(A) 5 (B) 10 (C) 15 (D) 20

44) વિકથા સંબંધી આશાતનાનો ક્રમ ઉલ્ટાવતા કઇ સંખ્યા આવે?

(A) 42 (B) 24 (C) 43 (D) 34

45) નિષ્પુણ્યક ના જીવન સાથે જોડાયેલા એક સંખ્યા એવી જેને ઉલ્ટાવતા, સુલ્ટાવતા કંઈ ફર્ક ન પડે.

(A) 1000 (B) 666 (C) 333 (D) 999

46) નિર્ધન સાધર્મિકના મોદકમાં કેટલા-કેટલા સોનૈયા હતા?

(A) 1,1 (B) 2,2 (C) 3,3 (D) 4,4

47) વૈદું કરે (ઔષધ વગેરે દેરાસરમાં કોઈને બતાવે) તે ક્યા ક્રમની આશાતના છે?

(A) 73 (B) 37 (C) 97 (D) 79

48) દ્વાદશાવર્ત વંદનમાં કુલ કેટલા આવર્ત અને આવશ્યક આવે છે?

(A) 12, 25 (B) 25,12 (C) 6,25 (D) 25,6

49) ધર્મદેશના સાંભળી પરિવર્તન પામેલ જીવની વાતમાં કેટલા નામ જણાવ્યા છે?

(A) 7 (B) 5 (C) 4 (D) 3

50) આમરાજાએ પૂર્વના તાપસભવમાં કેટલા મહિના સુધી એકાંતર ઉપવાસની ઉગ્ર તપસ્યા કરી?

(A) 1600 (B) 1800 (C) 1700 (D) 1900

## Q-4 મને ઓળખો હું કોણ છું :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ

51) રાજવૈભવ હોવા છતાં પહેલી સ્ત્રીના મૃત્યુ બાદ બીજી સ્ત્રીને હું પરણ્યો નહિ.

(A) પ્રદેશી રાજા (B) કુમારપાળ (C) વંકચૂલ (D) આમ રાજા

52) મેં સાધુને વસતિ આપી, સાધુએ મને પ્રતિબોધ આપ્યો તે હું કોણ?

(A) પ્રદેશી રાજા (B) રૂપસુંદરી (C) કોશા વેશ્યા (D) કુમારપાળ

53) હું ધર્મના નામે દેવદ્રવ્યથી વૃદ્ધિ અને પ્રભાવના કરૂં છું એવું ફોગટ માનતી રહી.
(A) રૂપવતી (B) કામવતી (C) ધનવતી (D) લક્ષ્મીવતી

54) મન, વચન, કાયાથી સાવદ્ય કરવા, કરાવવા, અનુમોદવાનો પણ જેને ત્યાગ છે એવા સાધુઓએ મારી રક્ષા તો કરવી જોઈએ.
(A) દેવદ્રવ્ય (B) ગૃહદ્રવ્ય (C) રાજદ્રવ્ય (D) ચોરદ્રવ્ય

55) મેં કહ્યું :- રાજન્ ! ધન્ય છે તને તે ન્યાય ને પુત્ર કરતાં પણ અધિક પ્રિય માન્યો.
(A) મહાજન (B) કલ્યાણકટકપુરની અધિષ્ઠાયિકા દેવી
(C) પટ્ટરાણી (D) યશોવર્મા રાજાનો મંત્રી

56) જેને આ રત્નરાશિ જોઈએ તે લઈ જાઓ – આવું મેં કહ્યું.
(A) અભયકુમાર (B) દેવપાલ (C) અમરકુમાર (D) પ્રજાપાલ

57) મારા પિતાએ કરાવેલ રત્નજડિત આભૂષણો પણ ચોરાદિના ભયે એક પણ દિવસ પહેરી શકી નહિ.
(A) રૂપવતિ (B) ધર્મવતિ (C) લક્ષ્મીવતિ (D) યશોદા

58) હું મરણપામી તે જ નગરમાં નિર્દય, દરિદ્ર અને કૃપણ એક પખાલીના ઘરે પાડો થયો.
(A) બ્રહ્મદત્ત (B) ઋષભદત્ત (C) વસુદત્ત (D) કામદેવ

59) છતી શક્તિએ દેરાસર જતાં વાહનમાં બેસે.
(A) જઘન્યમાં મધ્યમ (B) જઘન્ય આશાતના
(C) મધ્યમમાં મધ્યમ (D) મધ્યમ આશાતના

60) ઊંટડી અને હું બન્ને પરસ્પર પ્રીતિવાળા થયાં.
(A) દેવસેન (B) રૂપસેન (C) કામસેન (D) બ્રહ્મસેન

61) મારી મા એ સાધુને વસતિ આપી પણ એ કારણ થી મને તો નલિનીગુલ્મ વિમાનમાં જવા મળ્યું.
(A) કૃતપુણ્ય (B) કયવન્નો (C) ગજસુકુમાલ (D) અવંતિસુકુમાલ

62) ઉત્સૂત્ર ભાષણ કરવું.
(A) દર્શનની ઉત્કૃષ્ટ આશાતના (B) જ્ઞાનની ઉત્કૃષ્ટ આશાતના
(C) જિનપ્રવચનની ઉત્કૃષ્ટ આશાતના (D) જ્ઞાનની મધ્યમ આશાતના

63) મને મંડુકના ચૂર્ણની રાખ સરખી કહી છે.
(A) સમ્યગ્જ્ઞાન સહિતની ક્રિયા (B) મિથ્યાજ્ઞાન સહિતની ક્રિયા
(C) સમ્યગ્જ્ઞાન સહિતની અક્રિયા (D) સમ્યગ્જ્ઞાન રહિતની અક્રિયા

64) મારે પાંચસો શિષ્યો છતાં હું અભવ્ય !
(A) સાવદ્યાચાર્ય (B) અરિદત્તાચાર્ય (C) અર્હંતાચાર્ય (D) અંગારમર્દકાચાર્ય

65) હું ઘણા તપ કષ્ટે પણ ઇશાનેન્દ્ર જ બન્યો !
(A) તામલી તાપસ (B) સાવદ્યાચાર્ય (C) સામલી બ્રાહ્મણ (D) અનંતાચાર્ય

66) મારા ચાર ભાણેજ મુનિ કેવલજ્ઞાની થયા !
(A) શીતલાચાર્ય (B) શૈલકાચાર્ય (C) અંગારમર્દકાચાર્ય (D) સાવદ્યાચાર્ય

67) મેં બાર-બાર વર્ષ સુધી એકનું એક પદ ગોખ્યું પણ કંઠસ્થ ન થયું.
(A) કપિલ મુનિ (B) કેવલી મુનિ (C) ભાષતુષ મુનિ (D) માસતુષ મુનિ

68) મારામાં સંતોષ કરવો નહિ.
(A) સ્ત્રી, ભોજન (B) દાન, અધ્યયન, તપ (C) ધન, લોભ (D) સંતતિ, સંપત્તિ

69) મેં જીવતા તથા મરણ પામેલા માણસને તોલ્યાં પણ તેમના ભારમાં કંઈ પણ ફેર ન જણાયો.
(A) પ્રદેશી રાજા (B) આમ રાજા (C) કેશી ગણધર (D) કામરાજા

70) દેહમાં પણ અમે સ્પૃહા રાખતા નથી તો અમારે રાજ્યને શું કરવું છે?
(A) કેશી ગણધર (B) શીતલાચાર્ય (C) આમરાજા (D) બપ્પભટ્ટીસૂરિ

## Q-5 નીચે લખેલ પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :-

**દરેક પ્રશ્નના 2-2 માર્ક્સ**

71) બૃહત્ભાષ્યમાં જણાવેલી પાંચ આશાતના પૈકી એક આશાતના જણાવો, વિસ્તારથી
(A) પ્રભુને પૂંઠ કરવી, અવજ્ઞા કરવી, પૂજામાં આદર ન રાખવો, પગ પ્રસારવા
(B) આદર ન રાખવો, (અનાદર આશાતના) તે જેવા તેવા વેશથી પૂજા કરવી, જેવે તેવે વખતે પૂજા કરવી, પ્રભુને પૂંઠ કરવી.

(C) ભોગ આશાતના તે દેરાસરમાં તંબોલ ખાવો જેથી અવશ્ય પ્રભુની આશાતના કરી કહેવાય, કેમકે તંબોલ ખાતાં જ્ઞાનાદિના લાભનો નાશ થાય માટે આશાતના કહેવાય છે.

(D) દુષ્ટ પ્રણિધાન તે રાગદ્વેષ-લોભથી મનોવૃત્તિ મલિન થઈ હોય એવા વખતે જે ક્રિયા કરવામાં આવે તેવું કાર્ય પ્રભુપૂજામાં કરવું તે આશાતના થાય છે.

72) શ્રાવકદિનકૃત્ય અને દર્શનશુદ્ધિ પ્રકરણમાં તો એમ કહેલું છે કેઃ-

(A) દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્યને જે મોહિત મતિવાળો દુભવે છે તે કાં તો ધર્મ તે જાણતો નથી અને કાં તો તેણે નારકીનું આયુષ્ય ભોગવેલું છે.

(B) દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્યને જે મોહિત મતિવાળો ક્ષોભ પમાડે છે તે કાં તો ધર્મને જાણતો નથી અને કાં તો તેણે તિર્યંચાયું બાંધેલુ હોય છે.

(C) દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્યને જે મોહિત મતિવાળો દૂભવે છે તે કાં તો ધર્મને જાણતો નથી અને કાં તો નારકીનું આયુષ્ય બાંધેલું હોય છે.

(D) દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્યને જે શોભિત મતિવાળો દૂભવે છે તે કાં તો ધર્મને જાણતો નથી અને કાં તો તેણે નારકીનું આયુષ્ય બાંધેલું હોય છે.

73) જિનમંદિરની મધ્યમ આશાતનાઓ પૈકી ચાર આશાતના જણાવો.

(A) છત્ર ધરવું, મુગટ રાખવો, થુંકવું, પેશાબ કરવો.

(B) એકસાટિક નું ઉત્તરાસણ કર્યા વિના દેરાસરમાં જવું, મુખકોશ બાંધ્યા વિના પૂજા કરવી તલવાર રાખવી, પાણી પીવું.

(C) જુ-માંકડ જોવા-વિણવા, ભોજન કરવું, તંબોલ ખાવું, શયન કરવું.

(D) લડાઈ કરે, કોગળા કરે, કેશ સમારે, નખ ઉતારે.

74) ધર્માનુષ્ઠાનના પ્રકાર જણાવો.

(A) પ્રીતિ અનુષ્ઠાન, ભક્તિ અનુષ્ઠાન, વચન અનુષ્ઠાન, અસંગ અનુષ્ઠાન

(B) પ્રીતિ અનુષ્ઠાન, ભાવના અનુષ્ઠાન, વચન અનુષ્ઠાન, અસત્ અનુષ્ઠાન

(C) પ્રીતિ અનુષ્ઠાન, શક્તિ અનુષ્ઠાન, મન અનુષ્ઠાન, અસંગ અનુષ્ઠાન

(D) પ્રીતિ અનુષ્ઠાન, ભક્તિ અનુષ્ઠાન, વચન અનુષ્ઠાન, અસત્ અનુષ્ઠાન

75) પૂજામાં બહુમાન + વિધિની ચતુઃભંગી જણાવો.

(A) 1. સાચુ બહુમાન સાચી વિધિ 2. અસમ્યગ્ બહુમાન સાચી વિધિ નથી
3. અસમ્યગ્ બહુમાન સાચી વિધિ, 4. અસમ્યગ્ બહુમાન, અવિધિ

(B) 1. સમ્યગ્ બહુમાન સાચી વિધિ 2. સમ્યગ્ બહુમાન, અવિધિ
3. અસમ્યગ્ બહુમાન અવિધિ 4. અસમ્યગ્ બહુમાન, અવિધિ

(C) 1. સમ્યગ્ બહુમાન, સાચી વિધિ, 2. સમ્યગ્ બહુમાન, અવિધિ
3. અસમ્યગ્ બહુમાન, અવિધિ 4. અસમ્યગ્ બહુમાન, અવિધિ

(D) 1. સાચુ બહુમાન, સાચી વિધિ 2. સાચુ બહુમાન, વિધિ સાચી નથી.
3. વિધિ સાચી છે પણ સમ્ગગ્ બહુમાન નથી. આદર નથી.
4. વિધિ પણ સાચી નથી. સમ્યગ્ બહુમાન પણ નથી.

76) તીર્થંકર નામકર્મ બંધાવી આપતા કારણોમાંથી ખોટું કારણ શોધી આપો.

(A) દેવદ્રવ્યની જે પ્રાણી વૃદ્ધિ કરેછે તે તીર્થંકર પદને પામે છે.

(B) દેવદ્રવ્યની વૃદ્ધિ કરનારને અરિહંત પરમાત્મા ઉપર ઘણી જ ભક્તિ હોય છે તેથી તીર્થંકર નામકર્મ બાંધે છે.

(C) શુભભાવ ની વૃદ્ધિથી ગોચરી વહોરાવી તીર્થંકર નામકર્મ બાંધી શકાય છે.

(D) છતી શક્તિએ સાતે ક્ષેત્રમાં વાપરે નહિ, પણ ભાવના ભાવે તો તીર્થંકર નામકર્મ બંધાય છે.

77) અસંવિજ્ઞ દેવકુલિકામાં જો કરોળિયાએ જાળા બાંધેલ હોય, ધૂળ જામી ગઈ હોય તો તે દેરાસરના શ્રાવકોને સાધુ શું ન કરી શકે?

(A) મંખ આદિના દૃષ્ટાંતથી પ્રેરણા કરે (B) ઠપકો આપે.

(C) નિર્ભત્સના કરે (D) દાંડાથી મારે, દેશનિકાલ કરાવે

78) સાધુ કે શ્રાવક પણ અનંત સંસારી થાય તેનું સાચું કારણ શોધી આપો.

(A) દેવદ્રવ્યનો વિનાશ થતો ઉપેક્ષે. (B) દેરાસરના દ્વેષીને કષ્ટ આપે

(C) ચૈત્ય દ્રવ્યનું સાધુ રક્ષણ કરે (D) દેવદ્રવ્યની વૃદધિ કરે.

79) બુદ્ધિમાન પુરુષને ક્યા દૃષ્ટાંતથી સૂક્ષ્મ ધર્મનું સ્વરૂપ સમજાતું નથી?

(A) કમળ – પડવાન ચંદ્રનું દૃષ્ટાંત (B) નોળિયો – નોડવેલનું દૃષ્ટાંત

(C) હંસ – પાણીમાં રહેલા દૂધનું દૃષ્ટાંત (D) ઘુવડ – સૂર્યના પ્રકાશનું દૃષ્ટાંત

80) કોને ગુરુ ના કહેવાય?

(A) મહાવ્રતને ધારણ કરનારા (B) પાંચ આચારને દઢપણે પાળનારા

(C) દેશકથાદિમાં રક્ત રહેનારા (D) ધર્મનો ઉપદેશ કરનારા

81) ગુરુવંદનના પ્રકારથી બહાર આવતો શબ્દ જણાવો.

(A) ફેટાવંદન (B) નવાંગી પૂજા (C) થોભ વંદન (D) દ્વાદશાવર્ત વંદન

82) ગુરુવંદન ક્યારે કરાય તે જણાવો.

(A) વ્યગ્ર – વ્યાક્ષિપ્ત ચિત્તવાળા હોય ત્યારે (B) આહાર – પાણી વાપરતાં હોય ત્યારે

(C) ક્રોધ – નિદ્રાને વશ હોયત્યારે (D) પ્રશન્નચિત્તે આસન પર બેઠા હોય ત્યારે

83) પચ્ચક્ખાણ કરવાથી શું ન થાય?

(A) આશ્રવદ્વારનો ઉચ્છેદ (B) તૃષ્ણાનો છેદ

(C) સમતાનો ઉચ્છેદ (D) ઘણો ઉપશમ

84) દેશના સાંભળતા બેસનાર નો અવિવેક કેવી રીતે જણાય છે?

(A) પગ પહોળા કરીને બેસે (B) મન-વચન-કાયાની-ગુપ્તિ રાખે

(C) હાથ જોડીને બેસે (D) સાડા ત્રણ હાથના અવગ્રહ ક્ષેત્ર મૂકી બેસે

85) દેશના સાંભળતા જીવને ક્યો લાભ થાય તે જણાવો.

(A) મર્મવૃદ્ધિ થાય (B) કર્મવૃદ્ધિ થાય

(C) સમ્યગ્જ્ઞાન થાય (D) ધર્મવૃદ્ધિ થાય

॥ ૐ નમો સર્વજ્ઞાય ॥

# -: શ્રાદ્ધ વિધિ પ્રકરણપરિશીલન :-

**પાંચમું પ્રશ્નપત્ર પેજ નં. 221 થી 277 સુધી** **કુલ માર્ક્સ - 100**

**Q-1 ખાલી જગ્યા પુરો :-** **20 માર્ક્સ**

1) મન-વચન-કાયાની નિર્મળતા એ.............છે.
(A) ધર્મશુદ્ધિ (B) ધનશુદ્ધિ (C) ધ્યાનશુદ્ધિ (D) વ્યવહારશુદ્ધિ

2) .............ની ચિંતા કરવી એ આગમ કહેતુ નથી.
(A) પરિવારની (B) પરિગ્રહની (C) પૈસાની (D) પ્રવૃત્તિની

3) વૈદ્યને..............ની ઉપમા આપી છે.
(A) માતા (B) પિતા (C) મિત્ર (D) ડૉક્ટર

4) નિર્ગ્રંથ મુનિઓ લોકોમાં...............તથા...............ની ઇચ્છા કરે છે.
(A) અર્થ, કામ (B) સેવા, ભિક્ષા (C) સુભિક્ષ, ક્ષેમકુશલ (D) ધર્મ, ધ્યાન

5) ..............વૈદ્ય અભવ્ય હતો.
(A) અરિભંજક (B) ધનવન્તરી (C) જીવાનંદ (D) વીરચંદ

6) જીવાનંદ વૈદ્યનો જીવ.............નો હતો
(A) આદિનાથ પ્રભુ (B) અરનાથ પ્રભુ (C) અજીતનાથ પ્રભુ (D) અનંતનાથ પ્રભુ

7) લોક પરંપરાથી ચાલતાને..............કહેવાય.
(A) ધર્મ (B) અર્થ (C) કર્મ (D) મોક્ષ

8) પુરુષ અને સ્ત્રીની કેટલીક કળાઓ.............અને..............માં સમાઈ જાય છે.
(A) વિદ્યા અને શિલ્પ (B) કુંભાર અને લુહાર
(C) વ્યાપાર અને વિદ્યા (D) કળા અને વાણિજ્ય

9) રાજાને વશ કરવાના પ્રકાર................માં કહ્યા છે.
(A) આગમ શાસ્ત્ર (B) નીતિશાસ્ત્ર (C) નૈમિતિક શાસ્ત્ર (D) વેદ શાસ્ત્ર

10) હાલ દિલ્હીમાં................વંશ હયાત છે.
(A) મૌર્યવંશ (B) રાંપડી વંશ (C) કૌશલવંશ (D) ઈક્ષ્વાકુ વંશ

11) કુમારપાળે વોસરી બ્રાહ્મણને..............નું રાજ્ય આપ્યું.
(A) સિંધદેશ (B) ઉત્તર પ્રદેશ (C) કાશીદેશ (D) લાટ દેશ

12) જિનધર્મને આરાધવાથી...............ની જેમ નિરૂપમ સુખ મળે.
(A) પુણ્ય શ્રાવક (B) સનત ચક્રવર્તી (C) ભરત ચક્રવર્તી (D) ભાવડ શેઠ

13) સારા પર્વમાં..............દાન આપવાનું રાજાએ કહ્યું.
(A) અભય (B) રક્ત (C) સુપાત્ર (D) ચક્ષુ

14) પિતાજીને છોડાવવા.............ના પુત્રોએ લોકોને ભેટણું કર્યું.
(A) માહણસિંહ (B) ભીમસોની (C) વિદ્યાપતિ (D) સંગ્રામસોની.

15) દરિદ્ર અને દુઃખી હોવા છતાં જિનધર્મ પાળે તો તે ...............જાણવું.
(A) પુણ્યાનુબંધી પુણ્ય (B) પાપાનુબંધી પુણ્ય
(C) પુણ્યાનુબંધી પાપ (D) પાપાનુબંધી પાપ

16) ..............પાપ બે પ્રકારના છે.
(A) ગુપ્ત (B) લઘુ (C) જાહેર (D) લોકલજ્જા

17) ................શ્રેષ્ઠીને રાજદ્વારમાં માન મળ્યુ અને પ્રખ્યાત થયો.
(A) હાલિક (B) હેલાક (C) હકીલ (D) હમીર

18) આહાર પરઠવતાં ઢંઢણમુનિનું..............કર્મ તુટ્યું.
(A) મોહનીય (B) વેદનીય (C) અંતરાય (D) ગોત્ર

19) ગુરુની આજ્ઞામાં રહેલા સાધુઓની ભિક્ષા.............કહી છે.
(A) 42 દોષ રહિત (B) નિર્દોષ (C) સૂઝતી (D) સર્વસંપત્કરી

20) વિવેકી પુરુષે પોતાના બંધુને................સુધી વળાવવા જવું.
(A) નદીના કાંઠા સુધી (B) વડ આદિ વૃક્ષ આવે ત્યાં સુધી
(C) ગાયો બાંધવાના સ્થાન સુધી (D) A-B-C ત્રણે

**Q - 2 નીચેના પ્રશ્નોના અંકમાં જવાબ જણાવતો સાચો વિકલ્પ પસંદ કરો :- 25 માર્ક્સ**

21) સાંસારિક કાર્યોમાં કરાતા ઉદ્યમમાંથી કેટલામા ભાગનો ઉદ્યમ કરે તો ઘણું બધુ પ્રાપ્ત થાય.
(A) લાખ (B) હજાર (C) સો (D) કરોડ

22) વ્યાપારના કેટલા પ્રકાર દર્શાવવામાં આવ્યા છે?
(A) 360 (B) 365 (C) 390 (D) 300

23) શિલ્પકળાઓના મુખ્ય અને પેટાભેદ કુલ કેટલા છે?
(A) 100-50 (B) 20-5 (C) 100-20 (D) 5-100

24) કર્મના સામાન્યથી કેટલા પ્રકાર છે?
(A) 2 (B) 4 (C) 6 (D) 8

25) સંપત્તિકાળ અને વિપત્તિકાળમાં રાજાને સેવકના કેટલા ગુણ ઉપયોગી થાય?
(A) 3 (B) 13 (C) 30 (D) 33

26) મનુષ્યે રસ્તામાં શિંગડાવાળા પુશુથી કેટલા હાથ દૂર ચાલવું જોઈએ?
(A) 3 હાથ (B) 5 હાથ (C) 7 હાથ (D) 10 હાથ

27) ભાવડશેઠના પહેલા પુત્રે કેટલા સોનૈયા માંગ્યા?
(A) 3 લાખ (B) 1 લાખ (C) 10 લાખ (D) 18 લાખ

28) વ્યવહાર શુદ્ધિ કેટલા પ્રકરે કહી છે
(A) 2-2 (B) 3+2 (C) 4×0 (D) 16÷4

29) ભગવતીસૂત્રમાં ક્યા શતકના ક્યા ઉદ્દેશામાં શિકારીએ હરણને માર્યા તે હિંસાદિ પાપક્રિયા કહી છે.
(A) 5, 6 (B) 6, 5 (C) 4, 7 (D) 7,4

30) આભડશેઠના પુત્રોએ કેટલા દ્રમ્મ ધર્મકૃત્યમાં વાપર્યા?
(A) 8 લાખ (B) 10 લાખ (C) 1 લાખ (D) 84 લાખ

31) નીતિશાસ્ત્રમાં નાણાની આવકનો ક્યો ભાગ કુટુંબપોષણ માટે ખરચવાનું કહ્યું છે?
(A) એક ભાગ (B) પાંચમો ભાગ (C) ચોથો ભાગ (D) ચોથાનો ચોથો ભાગ

32) વિદ્યાપતિ ધર્મઆરાધના કરતા કેટલામા ભવે મોક્ષે ગયા?
(A) સાતમે ભવે (B) ત્રીજે ભવે (C) આઠમે ભવે (D) પાંચમે ભવે

33) લોકમાં કેટલા પુરુષાર્થ મુખ્ય ગણાય છે?
(A) 4 (B) 2 (C) 3 (D) 1

34) વ્યવહારશુદ્ધિથી વ્યાપાર કરતા હેલાકશેઠને કેટલું સોનુ ભેગુ થયું?
(A) 100 તોલા (B) 10 તોલા (C) 50 તોલા (D) 4 તોલા

35) કર્મચંડાળ કેટલા પ્રકારના હોય છે?
(A) 4×4 (B) 2×2 (C) 2÷2 (D) 4÷4

36) વિષયસુખમાં આસક્તને કેટલા પુરુષાર્થ બાધાવાળા થાય છે?
(A) 1 (B) 2 (C) 3 (D) 4

37) શ્રીહરિભદ્રસૂરીએ ક્યા અષ્ટકમાં કેટલી ભિક્ષા કરી છે?
(A) 4+1, 9÷3 (B) 2+3, 3÷3 (C) 10-5, 3×3 (D) 10-3, 9÷3

38) મુનિસ્મૃતિમાં કેટલા ઉપાયોથી આજીવિકા કહી છે?
(A) 5 (B) 6 (C) 7 (D) 8

39) ઋદ્ધિના કેટલા પ્રકાર કહ્યા છે?
(A) 7 (B) 6 (C) 3 (D) 5

40) વિઘ્નોના નાશ અને ઇચ્છિત લાભ મારા સ્મરણથી થાય છે.
(A) 24 તીર્થંકર (B) 20 વિહરમાન (C) 5 પરમેષ્ઠિ (D) 3 રત્ન

41) સોમનાથ રાજાએ ન્યાય પૂર્વકનું ધન મેળવી કેટલા દિવસ સુધી દાન કર્યું?
(A) 10 (B) 12 (C) 8 (D) 6

42) મંદિરને પ્રદક્ષિણા દઈને બહાર નીકળતા કેટલા પુરુષ પર વિજળી પડી?
(A) 21 (B) 20 (C) 18 (D) 15

43) સુજ્ઞ પુરુષે કેટલી વસ્તુ ગુપ્ત રાખવી?
(A) 8 (B) 7 (C) 10 (D) બધી જ

44) કાશ્મીરમાં પ્રતિમા લઈ જવાનો અને પ્રતિષ્ઠા કરવાનો ખર્ચ કેટલો થયો?
(A) 9 લાખ, 18 લાખ (B) 10 લાખ, 9 લાખ
(C) 9 લાખ, 10 લાખ (D) 10 લાખ, 10 લાખ

45) સુતેલા રાજપુત્રનું રક્ષણ કરતા મિત્રદેવે કેટલા રત્નો આપ્યા?
(A) 4 (B) 2 (C) 3 (D) 1

**Q–3 મને ઓળખો:- 20 માર્ક્સ**

46) આજીવિકા અર્થે મંગાતી ભિક્ષાને મારુ નામ અપાયું છે.
(A) વૃત્તિભિક્ષા (B) પૌરુષઘ્ની (C) સર્વસંપત્કરી (D) સર્વવિશુદ્ધ

47) મસ્તકથી ભાર ઉપાડીને કામ કરનારને મારા નામથી ઓળખાય છે.
(A) ઉત્તમ (B) મધ્યમ (C) અધમ (D) અધમાધમ

48) હું જિતશત્રું રાજાને ત્યાં પોળીયાનું કામ કરતો હતો.
(A) પ્રિયરાજ (B) દેવરાજ (C) ચંદ્રરાજ (D) પદ્મરાજ

49) મારી સત્યવાદીપણાની કીર્તિ બધા સ્થળે પ્રખ્યાત હતી.
(A) મદનસિંહ (B) મહણસિંહ (C) પેથડશા (D) આભુશેઠ

50) હું ક્રુર, પાપી, ઘાતકી, અધિક પાપકર્મ કરી પાપાનુબંધી પાપના ફળને પામ્યો.
(A) કપિલા દાસી (B) કાલસૌરિક કષાઈ (C) બ્રહ્મદત્ત ચક્રવર્તી (D) પાલક પાપી

51) ભાવશ્રાવકના લક્ષણમાં મને વર્જ્ય ગણ્યો છે?
(A) તીવ્ર આરંભ (B) મનોરંજન (C) હિંસાદિ પ્રવૃત્તિ (D) પ્રભુપૂજા

52) મેં હેમચંદ્રાચાર્યજી પાસે પરિગ્રહનું વ્રત લીધું.
(A) પુણ્ય શ્રાવક (B) પેથડશા (C) આભડ (D) વસ્તુપાળ

53) હું દરિદ્ર છતાં જિનધર્મની આરાધનાથી પુણ્યાનુબંધી પાપ કરનારો કહેવાયો.
(A) ખંધક મુનિ (B) દ્રમક મુનિ (C) ઢંઢણ મુનિ (D) ધન્ના મુનિ

54) અમે વિદ્યા હોવા છતાં ગુણકારી નથી.
(A) અંજન, વાસ્તુ (B) ઔષધ, રસાયણ (C) વૈદ, ગાંધીપણુ (D) જ્યોતિષ, તર્ક

55) સજ્જનોએ દુર્જનની સાથે મારા મુજબ વર્તવું જોઈએ?
(A) શુદ્ધ મનથી (B) વચનની સરળતાથી (C) પ્રેમથી (D) દાનથી

56) સમકિતના પચ્ચક્ખાણમાં હું આગાર તરીકે છું.
(A) ઉસસિએણ નીસસિએણ (B) વિત્તી કંતારેણ
(C) ધમ્મો મંગલમુક્કિટ્ઠમ્ (D) સંજોગા વિપ્પમુક્કસ્સ

57) મનમાં અધિક ચિંતા ઉત્પન્ન કરનાર અધિકાર મારા સમાન ઓળખાય છે.
(A) સ્નાનગૃહ (B) શોભાગૃહ (C) કારાગૃહ (D) કાર્યગૃહ

58) યાચકને મારા કરતા પણ હલકો કહ્યો છે.
(A) રૂ (B) તૃણ (C) પવન (D) કાચ

59) યાચના કર્યા વગર મળેલું મારા નામે કહેવાય છે.
(A) રૂત (B) અમૃત (C) મૃત (D) સત્યાનૃત

60) વેશ્યા, જુગારી આદિની સાથે ઉધારનો પણ વ્યાપાર કરો તો મારો નાશ થાય છે.
(A) શુદ્ધ દ્રવ્યનો (B) ઉધારના દ્રવ્યનો (C) વ્યાજના દ્રવ્યનો (D) મૂળ દ્રવ્યનો

61) હું મેલાદેવીના પિયરની નગરી છું.
(A) પાટણ (B) ધોળકા (C) પાટલીપુત્ર (D) ધોળાવીરા

62) ન્યાય કરનાર પુરુષોએ મને સાથે રાખીને ન્યાય કરવો.
(A) કરુણા વૃત્તિ (B) મધ્યસ્થ વૃત્તિ (C) ઉપેક્ષા વૃત્તિ (D) ધ્યાન વૃત્તિ

63) મને ગ્રંથોમાં કર્મચંડાળ કહેવાયો છે.
(A) ખોટી સાક્ષી પૂરનાર (B) ઘણા કાળ સુધી રોષ કરનાર
(C) વિશ્વાસઘાતી (D) A-B-C ત્રણે

64) અમે બંને નાનપણથી ગાઢ મિત્ર હતા.
(A) ભરત-બાહુબલી (B) વસ્તુપાળ-તેજપાળ (C) વીરાંગદ-સુમિત્ર (D) અભય-શ્રેણિક

65) મારો શિષ્ય ભીમ સોની ખંભાતમાં વસનાર – સત્યને ન છોડનાર હતો.
(A) જગચ્ચંદ્રસૂરિ (B) રત્નશેખરસૂરિ (C) અભયદેવસૂરિ (D) હરિભદ્રસૂરિ

## Q–4 શાસ્ત્રમાં મને કઇ પરિભાષામાં આપેલ છે તે જણાવોઃ- 05 માર્ક્સ

66) જે માણસ પોતાના બાપદાદાનુ ભેગુ કરેલું નાણું અન્યાયથી ભક્ષણ કરે તેને....
(A) મૂળભોજી (B) કૃપણ (C) ઉદાર (D) ઉડાઉ

67) શરીરસુખમાં વપરાય તે ઋદ્ધિને...
(A) ધર્મઋદ્ધિ (B) ભોગઋદ્ધિ (C) પાપઋદ્ધિ (D) વ્યાપારઋદ્ધિ

68) ચૌટામાં પડેલા દાણાને વીણવી તેને...
(A) રૂત (B) મૃત (C) અમૃત (D) સત્યાનૃત

69) આચાર્યના ઉપદેશથી થયેલું હોય તે...
(A) સ્થાપત્ય (B) શિલ્પ (C) કળા (D) કૌશલ્ય

70) જે પોતાના જીવન-કુટુંબ તથા સેવકવર્ગને દુઃખ દઈને દ્રવ્યનો સંગ્રહ કરે તેને....
(A) કૃપણ (B) આશક્ત (C) ઉદાર (D) ચોર

## Q–5 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખોઃ- 30 માર્ક્સ

71) કઈ-કઈ વસ્તુઓ તત્કાળ દારિદ્રપણુ દૂર કરે છે?
(A) શેરડીનું ખેતર, સમુદ્ર, યોનિપોષણ, રાજાનો પ્રસાદ
(B) ખેતી, પશુરક્ષણ, કળા કૌશલ્ય, વિદ્યા
(C) ઔષધ, રસાયણ, અંજન, રસ
(D) જ્યોતિષ, તર્ક, વૈદ્યવિદ્યા, ગાંધીપણુ

72) જિનદત્ત શ્રેષ્ઠીએ ગૂઢઅર્થના વચનથી મુગ્ધને ક્યો ઉપદેશ આપ્યો?
(A) 1. ગામે-ગામ ઘર કરવું. 2. બંધનમાં પડેલ સ્ત્રીને મારવી.
3. સર્વ ઠેકાણે કાંટાની વાડ કરવી 4.ઉપની વાતમાં શંકા પડે તો પાટલીપુત્રમાં સોમદત્તને પૂછવું
(B) 1. સર્વ ઠેકાણે દાંતની વાડ કરવી. 2. કોઈને વ્યાજે ધીર્યા પછી ઉઘરાણી ન કરવી
3. બંધનમાં પડેલી સ્ત્રીને મારવી 4. ઉપની વાતમાં શંકા પડે તો પાટણમાં સોમદત્તને પૂછવું.
(C) 1. ગામે-ગામ ઘર કરવું. 2. બંધનમાં પડેલ સ્ત્રીને મારવી.
3. સર્વ ઠેકાણે કાંટાની વાડ કરવી 4.ઉપની વાતમાં શંકા પડે તો પાટલીપુત્રમાં સોમદત્તને પૂછવું

(D) 1. મીઠું ભોજન કરવું 2. દરિદ્રાવસ્થામાં જમનાતટ ખોદવો
3. સુખે જ નિદ્રા લેવી 4. ઉપની વાતમાં શંકા પડે તો પાટણમાં ચંદ્રદત્તને પૂછવું.

73) અહીં ક્યા વિષયમાં કોનું દૃષ્ટાંત આપેલ છે તે દર્શાવતા જોડકાનો સાચો વિકલ્પ પસંદ કરો.

| | (A) | (B) | (C) | (D) |
|---|---|---|---|---|
| ઉધાર આપવા અંગે | હેલાક શેઠ, | પેથડશામંત્રી, | મુગ્ધશેઠ, | મુગ્ધશેઠ |
| ઋણ ઉતારવા અંગે | ભાવડ શેઠ, | ભાવડ શેઠ, | ભાવડ શેઠ, | ભાવડ શેઠ |
| મનની મલિનતા અંગે | મુગ્ધ શેઠ, | ઘી-ચામડાના વેપારી, | હેલાક શેઠ, | ઘી-ચામડાના વેપારી |
| વ્યવહારશુદ્ધિ અંગે | ઘી-ચામડાના વેપારી | હેલાક શેઠ, | ઘી-ચામડાના વેપારી | હેલાક શેઠ |

74) ભાવડશેઠના દૃષ્ટાંતમા નીચેમાંથી ક્યો ક્રમ સાચો નથી?
(A) એક લાખ સોનૈયાના ઋષવાળા બાળકનો જન્મ - ત્રણ લાખ સૌનૈયાના ઋણવાળા બાળકનો જન્મ - 19 લાખ સૌનૈયાના ઋણવાળા બાળકનો જન્મ
(B) કશ્મીરમાં ઋષભ પ્રભુ આદિની પ્રતિમા લઈ જવી - 10 લાખ સોનૈયા ખર્ચી પ્રતિષ્ઠા કરી - અસંખ્ય સુવર્ણ લઈ શત્રુંજય જવું - મન્માણી રત્નની પ્રતિમા સ્થાપી
(C) ભાવડની પત્નીના પેટે જીવનું અવતરણ - ખોટા સ્વપ્ન અને દોહલા બાજ જન્મ - પુત્રનો મહોત્સવ - છઠ્ઠે દિવસે એક લાખ સોનૈયાનો ખર્ચ
(D) (A)-(B)-(C) ત્રણે માંથી એક પણ નહી.

75) નીચેમાંથી સેવક કેવો હોવો જોઈએ?
(A) સ્વામી ભક્તિવાન્ – સ્વામીના મુખ તરફ દૃષ્ટિ રાખનાર – સ્વામીના સ્વભાવ અનુસારે કાર્ય સાધનાર - ચતુર
(B) સ્વામી પ્રતિ પ્રતીતિવાન્ – સ્વામીથી ખૂબ દૂર બેસનાર - પરાક્રમી – વિપત્તિકાળમાં ઉપયોગી થનાર
(C) સ્વામી પર ઉપકાર કરનાર – પરાક્રમી – સ્વામી પ્રતિ પ્રીતિ રાખનાર - કાયર
(D) સ્વામી પર દૃષ્ટિ રાખનાર – ચતુર – સ્વામીથી ઉંચા આસને બેસનાર - શૂરવીર

76) આજીવિકાના ઉપાયો અંગે નીચેમાંથી ક્યો વિકલ્પ સાચો છે?
(i) વ્યાપાર સર્વસંપત્કરી, પૌરૂષઘ્ની, વૃત્તિભિક્ષા,
(ii) કળા કૌશલ્ય ઔષધ, શુકન, સામુદ્રિક, તર્ક

(iii) વિદ્યા ધાન્ય, ઘૃત, કપાસ, કરિયાણા

(iv) ભિક્ષા હજામ, ચિત્રકાર, કુંભાર, લુહાર

(A) i-4, ii-3, iii-2, iv-1 (B) i-2, ii-3, iii-4, iv-1

(C) i-3, ii-4, iii-2, iv-1 (D) i-3, ii-4, iii-1, iv-2

77) જિનદત્ત શ્રેષ્ઠીએ કહેલા ઉપદેશના ગૂઢાર્થમાં નીચેમાંથી ક્યો વિકલ્પ સાચો છે.

(A) દાંતની વાડ રાખવી – પ્રિય વચન બોલવુ
સુખે ઉંઘ કરવી – નિઃશંક સ્થાનમાં રહેવું
દરિદ્રતામાં ગંગાતટ ખોદવો – ગંગા નામની ગાયના સ્થાને ખોદવુ
ગામે-ગામ ઘર કરવુ – ઘરના લોકો સાથે મૈત્રીથી રહેવુ

(B) બંધનમાં પડેલી સ્ત્રીને મારવી - કોઈ પણ સ્ત્રીને પુત્ર કે પુત્રી હોય તો જ મારવી
દાંતની વાડ કરવી – પ્રિય વચન બોલવુ
ગામે-ગામ ઘર કરવુ – બધા સાથે મૈત્રી કરવી
સુખે ઉંઘ કરવી – ઉંઘ આવે ત્યારે જ સુવુ

(C) મીઠુ ભોજન કરવુ – પ્રીતિ આદર હોય ત્યાં જમવું
પૈસા ધીર્યા પછી ઉઘરાણી ન કરવી – અધિક મૂલ્યવાળી વસ્તુ ગિરવી રાખવી
દાંતની વાડ રાખવી – જરૂર પડે તો જ કટુવચન બોલવા
ગામે-ગામ ઘર કરવું – બધા સાથે મૈત્રી કરવી

(D) દાંતની વાડ રાખવી – સર્વ સાથે પ્રિયવચન બોલવુ
મીઠુ ભોજન કરવુ – ભૂખ લાગે ત્યારે ખાવુ
સુખે ઉંઘ કરવી – આંખમાં ઉંઘ આવે ત્યારે જ સુવુ
ગામે-ગામ ઘર કરવુ – દરેક ગામના લોકો સાથે મૈત્રી કરવી

78) માર્ગગમનમાં ધ્યાનમાં લેવા યોગ્ય નિયમોમાં નીચેમાંથી ક્યો વિકલ્પ અસત્ય નથી એવું નથી.

(A) જે ભાગે નાડી વહેતી હોય તે બાજુ પગ મુકવો
રાત્રિએ ઝાડ નીચે સુવુ નહી
મડદુ ઉલ્લંઘીને જ ગમન કરવું
પાડા-ગર્દભ, ગાય પર બેસવુ નહી.

(B) ગાય, પૂજ્ય પુરુષ, ગર્ભિણીને પ્રથમ માર્ગ આપવો.
સર્પ, જ્વલિત અગ્નિ, શાસ્ત્રનું ઉલ્લંઘન ન કરવું
અયોગ્ય મિત્ર સાથે વાતો ન કરવી
સૂતક સમાપ્ત થયા પછી દૂર જવું

(C) પોતાના બંધુને નદીના કાંઠા સુધી વળાવવા
ક્રુરપુરુષ, રખેવાળ સાથે ઘણી વાતો ન કરવી
દાસીની સાથે ગમન ન કરવુ
રુધિર ઉલ્લંઘીને ગમન ન કરવું

(D) (A)-(B)-(C) ત્રણે

79) નીચેમાંથી શું અસત્ય નથી?

(A) સાધુનો વેષ પહેરી નિર્લજ્જાથી હિંસા આદિ કરે તે જાહેર લઘુપાપ જાણવું.
(B) ગૃહસ્થો કુળાચારથી હિંસા આદિ કરે તે જાહેર મહાપાપ જાણવું.
(C) અસત્ય વ્યવહાર કરનાર માણસોનું પાપ ગુપ્ત લઘુપાપ હોય છે.
(D) અસત્ય તરફની પ્રવૃત્તિ કરનાર લઘુપાપ કરે છે.

80) કેવા પ્રકારનો વ્યાપાર કરવાથી ભવિષ્યમાં સ્વર્ગ અને મોક્ષના સુખ મળે?

(A) ખોટા કાટલા – માપ રાખવા – ખોટું નાણુ આપવુ – પારકા ગ્રાહકો ભરમાવી ખેચવા
(B) કોઈના ખરીદ – વેચાણનો ભંગ કરવો – અયોગ્ય વ્યાજ વધારવો – નમૂનાથી જૂદો માલ આપવો
(C) A+B બન્ને
(D) A+B બે માંથી એક પણ નહી

81) નીચેમાંથી શેનું દૃષ્ટાંત અહીં આપેલ નથી.

(A) ભિક્ષાનું ખાવાથી થતા અનર્થ અંગેનું– રાજસેવાથી થતા લાભ અંગે – કાલશુદ્ધિથી વ્યાપાર અંગેનું
(B) ઉધાર આપવા અંગે ઋણ ઉતરવા અંગેનું– ભાગીદારના ભાગ્યથી થતા લાભ અંગેનું
(C) નિર્ધન થયા પછી ફરી ધનવાન થવા અંગેનું – વ્યવહારશુદ્ધિ અંગેનું – કેવા મિત્ર કરવા તે અંગેનું
(D) સત્ય વચન અંગેનું – પરદેશમાં વ્યાપાર અંગે – પાપઋદ્ધિ અંગેનું

82) પૂર્વકૃત કર્મના ચાર પ્રકાર માટે નીચેમાંથી જોડકા જોડો.

| | અવસ્થા | દૃષ્ટાંત |
| --- | --- | --- |
| (i) પુણ્યાનુબંધી પુણ્ય | 1. જિનધર્મનું પાલન | 1. કોણિક |
| (ii) પાપાનુબંધી પુણ્ય | 2. અધિક-અધિક પાપકર્મ | 2.ભરત ચક્રવર્તી |
| iii) પુણ્યાનુબંધી પાપ | 3. દુઃખરહિત નિરૂપમ સુખ | 3. કાલસૌરિક |
| iv) પાપાનુંબંધી પાપ | 4. પાપકર્મમાં રક્ત | 4.દ્રમક મુનિ |

(A) i) 2-3, ii) 1-4, iii) 4-1, iv) 3-2 Z (B) i) 3-2, ii) 4-1, iii) 2-3, iv) 1-4
(C) i) 3-2, ii) 4-1, iii) 1-4, iv) 2-3 (D) i)3-3, ii) 4-4, iii) 2-2, iv) 1-1

83) નીચેમાંથી ક્યો વિકલ્પ અસત્ય છે?
(A) ધર્મ વગેરેનો બાધ ન આવે એમ ધન ઉપાર્જન કરવુ તે આગમની આજ્ઞા છે.
(B) ભંડારી – રાજા – ગુરુ – તપસ્વીની સાથે વિવેકી પુરુષે વાદ ન કરવો.
(C) મિત્રને શુદ્ધ મનથી, સ્ત્રીઓને આભૂષણોથી, સેવકોને દાનથી વશ કરવા.
(D) વણિક, વેશ્યા, કવિ વગેરે જે દિવસે કાંઈ લાભ ન થાય તે દિવસ વ્યર્થ માને છે.

84) ઋણ સંબંધી ભલામણોમાં નીચેમાંથી શું કહેલું નથી?
(A) ઋણના સંબંધમાં પ્રાયઃ કલહ તથા વૈરની વૃદ્ધિ થાય છે.
(B) મ્લેચ્છાદિ અનાર્ય લોકો પાસે લેણુ હોય અને પાછુ ન આવે તો દ્રવ્ય ધર્માર્થે છે તેમ માની લેવું.
(C) ઋણનો સંબંધ ઘણા કાળ સુધી માથે ન રાખવો.
(D) ઋણ પાછું વાળવા કોઈ અસમર્થ હોય તો ગમે તેમ કરીને તેની પાસે માંગવું.

85) કઈ વાત શેમાં કહેલી છે તે અંગે જોડકા જોડો.

| | |
| --- | --- |
| સંયમીની ગોચરીથી ધર્મનિંદા થાય તો બોધિ દુર્લભ થાય | i) ઓઘનિર્યુક્તિ |
| વદ્ધપુરુષોની સંમતિથી ચાલનારો રાજા માન્ય બને | ii) નીતિસાર |
| સત્યવચન માણસનો મોટો આધાર છે. | iii) શ્રાદ્ધવિધિ |
| અમૃત, મૃતાદિ ઉપાયથી આજીવિકા | iv)મનુસ્મૃતિ |

(A) i) – ii) - iii) – iv) (B) iv) – iii) – ii) – i)
(C) ii) – i) – iv) – iii) (D) iv) – iii) – i) – ii)

॥ ॐ નમો સર્વજ્ઞાય ॥

# -: શ્રાદ્ધ વિધિ પ્રકરણપરિશીલન :-

**છટ્ઠુ પ્રશ્નપત્ર પેજ નં. 278 થી 334 સુધી** **કુલ માર્ક્સ - 100**

**Q-1** **દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

1) જ્યાં ઘણી પ્રીતિ રાખવાની ઇચ્છા હોય ત્યાં નહી કરવાના ત્રણવાના માંથી બીજો વાનો ક્યો છે?
(A) વાદવિવાદ (B) પૈસાનો વ્યવહાર (C) સ્ત્રી સાથે ભાષણ (D) ભોજન

2) પોતાની સ્ત્રીની પ્રીતિ કેવી સ્ત્રીઓ સાથે કરાવવી?
(A) સારા કુળમાં પેદા થયેલી (B) કપટ વિનાની
(C) ધર્મકરણી કરવામાં તત્પર (D) (A)-(B)-(C) ત્રણે.

3) સ્વાતિ નક્ષત્રનું જળ સર્પના મુખમાં પડે તો.........બને અને છીપના સંપુટમાં પડે તો..........બને.
(A) અમૃત, મોતી (B) ઝેર, મોતી (C) મોતી, ઝેર (D) મોતી, અમૃત

4) વ્યવહારશુદ્ધ રાખવો એ ધર્મનું મૂળ છે એવુ............ગ્રંથમાં કહ્યું છે.
(A) દ્વાત્રિંશિકા દ્વાદશ (B) નીતિશાસ્ત્ર (C) શ્રાદ્ધદિનકૃત્ય (D) ધર્મસંગ્રહ

5) શ્રેણિકરાજાના પૂર્વભવનો વૈરી તાપસ...........ની કુક્ષિમાં ગર્ભ તરીકે ઉત્પન્ન થયો.
(A) જયાદેવી (B) વિજયાદેવી (C) મનોરમાદેવી (D) ચેલ્લણાદેવી

6) લોકપ્રિય થવું એ..............વૃક્ષનું બીજ છે.
(A) સમકિત (B) પ્રસિદ્ધિ (C) આસોપાલવ (D) આવું કોઈ બીજ જ નથી.

7) ક્યા પ્રકારનું ઉચિત આચરણ દરેક માણસે કરવું જોઈએ?
(A) પિતાસંબંધી (B) માતાસંબંધી (C) A & B બન્ને (D) (A)-(B)-(C) ત્રણે.

8) કઈ રાણીએ દશરથ રાજા પાસે પોતાના થાપણ તરીકે રાખેલ વરની માંગણી કરી?
(A) કૌશલ્યા (B) કૈકેયી (C) સીતા (D) ઉર્મિલા

9) કેવલજ્ઞાન પછી પણ............ગૃહસ્થ વેષે રહ્યા હતા.
(A) ચંદનવાળા (B) મૃગાવતી (C) વલ્કલચિરિ (D) કૂર્માપુત્ર

10) ...............દીક્ષા બાદ બ્રાહ્મણ પિતા, માતા, બહેન આદિને દીક્ષા આપી.
(A) આર્યસુબાહુ (B) આર્યપાલિત (C) આર્યરક્ષિત (D) આર્યસુહસ્તિ

11) બીજાની નિંદા કરવાથી અને પોતાની મોટાઈ કરવાથી..............કર્મ બંધાય છે.
(A) જ્ઞાનાવરણીય કર્મ (B) મોહનીય કર્મ
(C) નીચગોત્ર કર્મ (D) અંતરાય કર્મ

12) ............બ્રાહ્મણ સુપાત્રદાનના પ્રભાવથી સૌધર્મ દેવલોકે જઈ ત્યાંથી શ્રેણિકપુત્ર થયો.
(A) અભયકુમાર (B) નંદિષેણ (C) વારીષેણ (D) સુદત્ત

13) શ્રવણે માતા-પિતાને...............વડે તીર્થયાત્રા કરાવી.
(A) પ્લેન (B) ઉંટગાડી (C) કાવડ (D) રથ

14) પુત્ર ક્યાં બેસે તો તેની શોભા દેખાય?
(A) ઉંચા સિંહાસન પર (B) પિતા પાસે
(C) હિંચકા પર (D) પત્ની પાસે

15) નીચેમાંથી કોને માતા કહ્યાં નથી?
(A) રાજાની સ્ત્રી (B) મિત્રની માતા (C) ગુરુની સ્ત્રી (D) પોતાની માતા

16) ............ની જેમ ડાહ્યા પુરુષે જે કામ કરવું હોય તે સર્વશક્તિથી કરવું.
(A) શિયાળ (B) બગલા (C) સિંહ (D) વરુ

17) .............ને ફરીથી મનુષ્યનો અવતાર દુર્લભ છે.
(A) માતા-પિતાનું પોષણ ન કરનાર (B) મધુર વાર્તાલાપ કરનાર
(C) ઉચિત આચરણ કરનાર (D) ધિઠાઈ કરનાર

18) ‘‘તું તો મારા ઘરની દેવી છે’’ આ વાક્ય................બોલે છે ને.........કહે છે.
(A) માતા, દિકરી (B) વહુ, સાસુ (C) વહુ, પુત્રવધુ (D) સાસુ, વહુ

19) પિતાએ પુત્રને.................દેખાડવું તે ઉચિત આચાર છે.
(A) રાજસભા, સંપત્તિ, વ્યવહાર (B) વ્યવહાર, સાવકી માતા, રાજસભા
(C) રાજસભા, પરદેશના આચાર, વ્યવહાર (D) પરદેશ આચાર, પોતાની મૂડી, મિલકત

20) હૃદયને.............. બનાવવું તે શ્રાવકજીવન માટે ખૂબ ઉપયોગી છે.
(A) હળવું (B) વિશુદ્ધ (C) નિર્મળ (D) કુમળું

21) સર્વ ધર્મી લોકોનો આધાર લોક છે. માટે લોકવિરુદ્ધ ધર્મવિરુદ્ધ વાત છોડવું – આવું...........એ કહ્યું છે.
(A) પૂ. રત્નશેખરસૂરિ મ.સા (B) પૂ. ઉમાસ્વાતિજી મહારાજ
(C) પૂ. વિનયવિજયજી મ.સા (D) પૂ. અભયશેખરજી મ.સા

22) ગાયને મારી તેના માંસથી કાગને તૃપ્ત કરવા જેવી વાત.............છે.
(A) પરદેશથી લાવેલા ધનનો સ્વદેશમાં ખર્ચ
(B) પિતાની મિલકતમાંથી લીધેલાનું દાન
(C) અન્યાયથી મેળવેલા ધનનું દાન
(D) સાસરેથી લાવેલ સંપત્તિથી ભોગ

23) ધર્મકૃત્યમાં ખર્ચ કરવું એ લક્ષ્મીનું..............છે.
(A) સ્થિરીકરણ (B) ઉર્ધ્વીકરણ (C) વશીકરણ (D) ઉદ્ધવીકરણ

24) બુદ્ધિશાળી પત્નીની સલાહ લેવાથી થતો ફાયદો બતાવવા..................નું દૃષ્ટાંત આપેલ છે.
(A) વસ્તુપાળ-તેજપાળ (B) કુમારપાળ
(C) દેવપાળ (D) શ્રેણિકકુમાર

25) નીચેમાંથી...............શિખામણ કૂકડા પાસેથી લેવાની નથી.
(A) બંધુવર્ગથી ખાવાની વસ્તુ પહેંચવી (B) સહજમાં જાગૃત થવું
(C) સૌની પહેલા ઉઠવું (D) લઢવું

26) અવસરોચિત વચનથી............એ લાભને પ્રાપ્ત કર્યો.
(A) મલ્લિકાર્જુન (B) કુમારપાલ રાજા (C) આંબડ મંત્રી (D) લક્ષ્મણ

27) ઘરના કારભારમાં ન જોડાયેલો પુત્ર............અને.............થાય.
(A) કપટી, લોભી (B) સ્વરછંદી, મદોન્મત્ત (C) રત્ન, રાજા (D) માયાવી, ક્રુર

28) મુર્ખના સો લક્ષણમાં નીચેમાંથી ક્યું નથી?
(A) લોભથી સ્વજનને છોડી દે (B) સ્ત્રી પક્ષના લોકો પાસે યાચના કરે
(C) સભાનું કામ પૂરુ કરીને જ ઉઠે (D) બોલવાના અવસરે મૌન રાખે

29) .............એ વૈરાગ્ય પામી દીક્ષા લેવા છતા હાંસીપાત્ર બન્યો.
(A) કઠિયારો (B) લુહાર (C) સોની (D) અભયકુમાર

30) ...............સ્ત્રીઓનું રક્ષણ થાય છે.
(A) ગૃહકાર્યમાં મન વળગવાથી (B) પ્રભુભક્તિમાં મન જોડવાથી
(C) પતિની સેવા કરવાથી (D) મધુરવચન બોલવાથી

## Q-2 મને ઓળખો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ

31) મારાથી ઉત્કૃષ્ટ દેવતાપણું, યુગલિકપણું, તથા સમકિત વગેરે લાભ થાય છે.
(A) ન્યાયથી મેળવેલું ધન અને સુપાત્રદાન. (B) અન્યાયથી ઉપાર્જેલું ધન અને સુપાત્રદાન
(C) ન્યાયથી મેળવેલું ધન અને કુપાત્રદાન (D) અન્યાયથી ઉપાર્જેલું ધન અને કુપાત્રદાન

32) મારી શુદ્ધતાથી સર્વ ધર્મકૃત્ય સફળ થાય છે.
(A) આહાર (B) વિહાર (C) વ્યવહાર (D) વચન

33) મેં આબુ પર્વત ઉપર જિનમંદિર કરાવ્યું.
(A) કુમારપાળ (B) વિમળમંત્રી (C) ઝાંઝણ (D) તેજપાળ

34) મારું નામ અન્યાયના માર્ગે ચાલનાર તરીકે જાણીતું છે.
(A) કુબેર શ્રેષ્ઠી (B) રંક શ્રેષ્ઠી (C) ધન શ્રેષ્ઠી (D) મમ્મણશેઠ

35) મને શ્રેણિકપુત્ર નંદિષેણને જોઈને જાતિસ્મરણ જ્ઞાન થયું.
(A) સેચનક (B) સેચલક (C) સચેલક (D) સુલક્ષણ

36) હું સંયમી સાધુને પણ ખાલી કરું છું.
(A) સ્વપરાભવ (B) પારકીનિંદા (C) નોકષાય (D) તમામ

37) હું કાકંદી નગરીનો રાજા છું.
(A) અજિતસિંહ (B) ચંદ્રસિંહ (C) પ્રેમસિંહ (D) જયસિંહ

38) હું શરીર અને આત્માને નુકશાન કરનાર છું.
(A) દેશવિરુદ્ધ (B) કાલવિરુદ્ધ (C) લોકવિરુદ્ધ (D) રાજવિરુદ્ધ

39) વ્યવહારની શુદ્ધતા એ મારું મૂળ છે.
(A) ધર્મ (B) જ્ઞાન (C) વિનય (D) (A) -(B) બન્ને

40) મારી ઓળખાણ માતા તરીકે થાય છે.
(A) ગુરુની સ્ત્રી (B) મિત્રની માતા (C) ગુરૂની માતા (D) મિત્રની સ્ત્રી

41) મારા સમાન બીજું કોઈ સુખ નથી.
(A) સંતોષ (B) ધીરજ (C) ધન (D) પરિવાર

42) પ્રશમરતિ ગ્રંથની રચના મેં કરી છે.
(A) સિદ્ધસેનદિવાકરસૂરિ (B) ઉમાસ્વાતિજી (C) હરિભદ્રસૂરિ (D) યશોવિજયજી

43) હું હિન્દુ ધર્મનો સૌથી મહાન ગ્રંથ છું.
(A) રામાયણ (B) મહાભારત (C) ગોમતી (D) ભામતી

44) મારો દોહદ પૂર્ણ ન થવાથી દિવસે-દિવસે દુર્બળ બની.
(A) રેવતી (B) ચેલ્લણા (C) કૈકેયી (D) ભામતી

45) પોતાની મોટાઈ કરવાથી મારો બંધ થાય છે.
(A) નીચગોત્ર કર્મ (B) પરાઘાત નામકર્મ
(C) લાભાંતરાય કર્મ (D) સમકિત મોહનીય કર્મ

46) મને કરાવનાર પોતાને તથા પરને દુર્લભબોધિ કરે છે.
(A) ધર્મની નિંદા (B) ગુરુની નિંદા
(C) શાસનની અવહેલના (D) ગુર્વાદિકનું અબહુમાન

47) મારી માતૃભક્તિ શ્રવણની યાદ અપાવે તેવી છે.
(A) વરિષ્ઠ (B) વસિષ્ઠ (C) વિશિષ્ટ (D) વિનિષ્ટ

48) મેં ભારતના ઉદ્યોગપતિ જમસેદજી ટાટાને નોકરીમાં રાખ્યા હતાં.
(A) પ્રેમચંદ (B) રાયચંદ (C) જિનચંદ (D) ધનચંદ

49) મારી પાસેથી ત્રણ શિખામણો લેવી.
(A) કાગડો (B) સિંહ (C) ગધેડો (D) કૂકડો

50) હું શિખામણ આપું ત્યારે "આપ કહો તે યોગ્ય" તેમ કહીને સર્વે સ્વીકારવું.
(A) ધર્માચાર્ય (B) ગુરુ (C) આચાર્ય (D) માતા-પિતા

**Q-3નીચેનાં પ્રશ્નોનાં સંખ્યામાં જવાબ આપો:-** **દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

51) પિતા પુત્રને માણસ બનાવવામાં............વર્ષ કાઢે છે.?
(A) 15 (B) 20 (C) 22 (D) 30

52) સંયમ નિષ્ફળતાનાં.............કારણ છે.
(A) 2 (B) 5 (C) 3 (D) 4

53) ................કારણથી પ્રેમ ઘટે.
(A) 9 (B) 2 (C) 5 (D) 7

54) શ્રેણિકપુત્ર નંદિષેણ.............રાજકન્યાઓ સાથે પરણ્યો.
(A) 500 (B) 700 (C) 900 (D) 400

55) આચાર્યથી............ગણા શ્રેષ્ઠ પિતા છે.
(A) 10 (B) 100 (C) 1000 (D) 50

56) ઉચિત આચારનાં.............ભેદ છે.
(A) 9 (B) 7 (C) 5 (D) 8

57) આંબડ......................દેશનાં ધણીનો પુત્ર છે.
(A) 10 (B) 18 (C) 12 (D) 7

58) મૂર્ખપણાનાં..............લક્ષણો બતાવ્યા છે.
(A) 30 (B) 80 (C) 100 (D) 50

59) જનસત્તામાં આવેલી ઘટના ક્યા દિવસની છે.
(A) 9/4/1988 (B) 5/4/1987 (C) 5/2/1988 (D) 7/4/1982

60) પુરુષે દરરોજ...........ટંક ભક્તિથી ધર્માચાર્યને વંદના કરવી.
(A) 2 (B) 3 (C) 1 (D) તમામ

61) ડૉક્ટરે નોકરની પરિક્ષા કરવા.............રૂપિયા ખાનામાં મૂક્યા.
(A) 100 (B) 1000 (C) 700 (D) 500

62) ધનના લાભમાં...........ભાગમાં પોતાનું પોષણ ચલાવવું.
(A) 2×4 (B) 3×2 (C) 2×2 (D) 1×1

63) સ્થાનાંગસૂત્રમાં...........પ્રકારનાં શ્રાવક કહ્યાં છે.

(A) 5 (B) 7 (C) 3 (D) 4

64) પ્રભાશંકર પટ્ટણીનાં માતુશ્રી...........વર્ષથી વધુ ઉંમરે સ્વર્ગવાસ થયા.

(A) 100-20 (B) 60+30 (C) 90-5 (D) 55+15

65) પુત્ર.............વર્ષનો થાય ત્યાં સુધી તાડના કરવી.

(A) 4+2 (B) 3×5 (C) 20-7 (D) 10÷2

66) બાળકનો માત્ર ભાર જ વેઠવાનો છે તેવું ડૉક્ટરે.........માં મહિને કહ્યું.

(A) 7 (B) 9 (C) 5 (D) 4

67) વિરુદ્ધ કર્મ.........પ્રકારે છે.

(A) 3 (B) 5 (C) 7 (D) 2

68) સંપ ઉપર..........આંગળીઓનું દૃષ્ટાંત છે.

(A) 3+2 (B) 5×1 (C) 6-1 (D) ત્રણેય

69) આંબડમંત્રીએ મલ્લિકાર્જુનને જીતીને...........કરોડનાં મૂલ્યનાં મોતી કુમારપાળના ભંડારમાં ભરાવ્યા.

(A) 5 (B) 9 (C) 12 (D) 14

70) કૂકડાંની પાસે..........શિખામણ લેવી.

(A) 4 (B) 6 (C) 5 (D) 1

**Q-4 નીચેના પ્રશ્નોનાં જવાબ આપો :- દરેક પ્રશ્નના 2-2 માર્ક્સ**

71) ન્યાયથી મેળવેલું ધન પણ કુપાત્રદાન એ શેનું કારણ છે?

A) પુણ્યાનુબંધી પુણ્યનું B) પાપાનુંબંધી પુણ્યનું

C) પુણ્યાનુબંધી પાપનું D) પાપાનુબંધી પાપનું

72) સાધુઓના જેમ આહાર, વિહાર, વ્યવહાર અને વચન એ ચારે ની શુદ્ધિ જોવાય છે. તેમ ગૃહસ્થનું શું શુદ્ધ જોવાય છે?

A) આહાર B) વિહાર C) વ્યવહાર D) વચન

73) હિંદુએ માંસાહાર કરવો. જૈનોએ કંદમૂળ ખાવું આ વાત ક્યા વિષયની વિરુદ્ધ છે?
A) દેશવિરુદ્ધ B) લોકવિરુદ્ધ C) રાજવિરુદ્ધ D) કાલ વિરુદ્ધ

74) નીચેનામાંથી કઈ વાત સંયમી સાધુને પણ ખાલી કરે છે એવું નથી?
A) પોતાની સ્તુતિ B) સ્વદોષ નિંદા C) નિર્વંશજીભ D) એક પણ નહી

75) ઔચિત્યના વિષયમાં ક્યું દૃષ્ટાંત કોની સાથે ઘટે છે?

| | A) | B) | C) | D) |
|---|---|---|---|---|
| પિતા સંબંધી | આધુનિક શ્રવણ | અભયકુમાર | વૃદ્ધહંસ | વરસીતપ |
| માતા સંબંધી | વરસીતપ | વૃદ્ધહંસ | આધુનિક શ્રવણ | અભયકુમાર |
| સ્ત્રી સંબંધી | વૃદ્ધહંસ | આધુનિક શ્રવણ | વરસીતપ | આધુનિક શ્રવણ |
| વડીલ સંબંધી | અભયકુમાર | વરસીતપ | અભયકુમાર | વૃદ્ધહંસ |

76) કોણ મૂર્ખ નથી?
A) પોતે વૃદ્ધ થઈ કન્યા પરણે. B) લોક વ્યવહારમાં જાણે.
C) રોગી છતાં પરેજી ન પાળે. D) બધે ભરોસો રાખે.

77) ક્યો ગુણ કોની પાસે લેવા યોગ્ય છે? (સાચું જોડકું બતાવો)

| | |
|---|---|
| 1. કૂકડો | 1. ધિઠાઈ રાખવી |
| 2. કૂતરો | 2. હંમેશા સંતુષ્ટ રહેવું. |
| 3. ગધેડો | 3. લઢવું.. |
| 4. કાગડો | 4. મરજી માફક ભોજન |

A) (1-3) (2-4) (3-2) (4-1) B) (1-4) (2-3) (3-2) (4-1)
C) (1-3) (2-4) (3-1) (4-2) D) (1-2) (2-3) (3-4) (4-1)

78) ક્યું કૃત્ય ક્યા વિષયમાં આવે? (યોગ્ય જોડકું બતાવો)

| | |
|---|---|
| 1. કાલવિરુદ્ધ | 1. જૈનોએ કંદમૂળ ખાવું. |
| 2. લોકવિરુદ્ધ | 2. વરસાદમાં આસામ જવું. |
| 3. દેશવિરુદ્ધ | 3. પોતાના શેઠનો વિશ્વાસઘાત કરવો. |
| 4. રાજવિરુદ્ધ | 4. સારાવસ્ત્ર. |

A) (1-2) (2-1) (3-4) (4-3) B) (1-2) (2-4) (3-1) (4-3)
C) (1-3) (2-1) (3-4) (4-2) D) એક પણ નહિ.

79) કોનો ઉપકાર ઉતારી શકાય છે?

A) ધર્માચાર્યના B) મા-બાપના C) પત્નીના D) સ્વામીના

80) ક્યું દ્દષ્ટાંત કોના વિષયમાં છે? (યોગ્ય જોડકું બતાવો)

| | |
|---|---|
| 1. ભાઈ | 1. જયંત |
| 2. પુત્ર-પુત્રી | 2. આંબડમંત્રી |
| 3. સગા-વ્હાલાં | 3. ચોરમાં પણ લાગણી |
| 4. અવસરોચિત | 4. પાંચ આંગળી |

A) (1-3) (2-4) (3-1) (4-2) B) (1-2) (2-3) (3-4) (4-1)

C) (1-3) (2-4) (3-2) (4-1) D) (1-3) (2-1) (3-4) (4-2)

81) નીચેના માંથી કયો ગુણ અહીં નથી?

A) સહજમાં જાગૃત થવું. B) મરજી માફક ભોજન.

C) શૂરવીર રહેવું. D) પરાક્રમ કરવું.

82) અધમ પુરુષ કોને ન કહ્યો?

A) વગર પૂછે બહુ બોલે. B) નિર્ધન છતાં ધનને વાંછે.

C) વગર બોલાવે ઘરમાં પ્રવેશે. D) ન આપેલા આસને પોતે જ બેસે.

83) પંડિત પુરુષે આ વસ્ત્ર જુદા રાખવા એવુ નથી.

A) દેવપૂજા કરતા પહેરવાના. B) સભામા જતાં પહેરવાના.

C) ભોજન કરતા. D) સૂતા પહેરવાના.

84) તેનો વિશ્વાસ કરવો એવુ નથી.

A) સ્ત્રીઓ B) બાળકો C) શસ્ત્રધારી પુરુષો D) રાજાઓ

85) જેને મોટાઈ ગમતી હોય એવા પુરુષે આ ન કરવું એવુ નથી.

A) પારકી વસ્તુ નું ખરીદ-વેચાણ. B) સારથિનું કામ.

C) પોતાના કુળને અનુચિત કાર્ય. D) મિત્રનું પોષણ.

# -: શ્રાદ્ધ વિધિ પ્રકરણપરિશીલન :-

**સાતમું પ્રશ્નપત્ર પેજ નં. 335 થી 397 સુધી** **કુલ માર્ક્સ - 100**

**Q-1 ખાલી જગ્યા પુરો :-** **દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

1) લૂણ વગેરે સચિત વસ્તુઓ જ્યાં ઉત્પન્ન થઈ હોય ત્યાંથી............ ઉપરાંત જમીન ઉલ્લંઘન કરે તો આપ મેળે જ જમીન અચિત્ત બની જાય

(A) સો યોજન (B) સવાસો યોજન (C) 45 યોજન (D) એકસો એક યોજન

2) ............ આહાર નું પચ્ચક્ખાણ કરાય છે

(A) ઓજા (B) લોમા (C) કવલ (D) ખાદિમ

3) ............. ક્ષુધા સમાવવામાં અસમર્થ હોવા છતા આહાર ને ઉપકાર કરનાર હોવાથી આહારમાં જ ગણ્યુ છે

(A) સૂંઢમા ગોળ (B) મજીઠ (C) સાથુઓ (D) અજમો

4) બાદર એકેન્દ્રિયમાં જ્યાં............. પર્યાપ્ત ત્યાં............. અપર્યાપ્ત ઉપજે જ્યારે સૂક્ષ્મ એકેન્દ્રિયમાં............. અપર્યાપ્ત હોય તેની નિશ્રાએ............ પર્યાપ્ત હોય છે

(A) એક-અસંખ્ય, એક-અસંખ્ય (B) એક-સંખ્યાત, એક-સંખ્યાત

(C) એક-અસંખ્ય, એક સંખ્યાત (D) એક-સંખ્ય, એક અસંખ્યતા

5) પાણીના બીંદુમાં તીર્થંકર ભગવંતે જેટલા જીવ કહ્યા છે તે જીવો............પ્રમાણ શરીર કરેતો આખા જંબુદ્વીપમાં સમાઈ શકે નહીં

(A) સરસવ (B) પારેવાડાં (C) લીલા-આમળા (D) ખસ-ખસ

6) ............. રાજા ભોજન વખતે પોળનો દરવાજો ખુલ્લો રખાવતો.

(A) ચિત્રકૂટ (B) ચિત્રાંગદ (C)રત્નસાર (D) રત્નચૂડ

7) નિતિના જાણકાર પુરુષો પ્રથમ............ વચ્ચે ........... અને છેલ્લે........... ભોજન વાપરે

(A) મધુર-તીખુ-કડવુ (B) તીખુ-કડવુ- મધુર (C) કડવુ-મધુર-તીખુ (D) મધુર-કડવુ-તીખુ

8) સુશ્રાવકો...................... અને........... એવા આહાર વડે આત્માનો નિર્વાહ કરનારા હોય છે.

(A) વદ્ય-નિર્જીવ-પરિમિત (B) વદ્ય-નિર્જીવ-અપરિમિત

(C) નિર્વદ્ય-સજીવ-પરિમિત (D) નિર્વદ્ય-નિર્જીવ-પરિમિત

9) ............ માં બનાવેલુ અથાણુ ભક્ષ્ય છે એવું નથી.

(A) તડકામાં (B) ગેસ પર (C) મેથીના દાણા (D) લીંબુના રસમાં

10) ઉત્સર્ગ માર્ગે ચાલનારો શ્રાવક........... કરતો નથી.

(A) બ્રહ્મચર્ય (B) પરસ્ત્રી ગમન (C) એકાસણુ (D) સચિત્ત ત્યાગ

11) એડકાક્ષની આંખ........... ની હતી.

(A) બકરી (B) હાથી (C) બોકડો (D) ઘેટા

12) ........... હાથે બનેલુ અથવા પીરસેલુ ભોજન ન કરવું.

(A) માતાએ પીરસેલુ (B) લાગણી-ભક્તિથી બનેલુ

(C) સંયુક્ત કુંટુંબ માટે બનેલુ (D) સંભળાવતા-સંભળાવતા પીરસેલુ

13) વૈદ્યના........... ઔષધ સમાન પ્રતિક્રમણ છે.

(A) ત્રીજા (B) પહેલા (C) એક પણ નહિ (D) બીજા

14) એકવાર ભોજન કરે તે............ 2 વાર ભોજન કરે.......... અને ત્રણવાર ભોજન કરેતે........... કહેવાય.

(A) ભોગી-યોગી-રોગી (B) યોગી-રોગી-ભોગી

(C) યોગી-ભોગી-રોગી (D) રોગી-ભોગી-યોગી

15) સવારે............ ભોજન અને સાંજે............ ભોજન ખૂબ નુકશાન કરે છે.

(A) તળેલુ-ખાટુ (B) તળેલુ-આથાવાળ (C) આથાવાળુ-તળેલુ (D)મધુર-ખાટુ

16) પ્રતિક્રમણમાં બે લોગસ્સનો કાઉસ્સગ્ગ..........ની વિશુધ્ધિ માટે થાય છે.

(A) જ્ઞાનાચાર (B) ચારિત્રાચાર (C) દર્શનાચાર (D) વીર્યાચાર

17) 1000 વર્ષ સંયમ પાળ્યા પછી આહારમાં આસક્ત થઈ........... મુનિ સંયમ થી ભ્રષ્ટ થઈ નરકમાં ગયા.

(A) કંડરીક (B) પુંડરીક (C) મંગુ (D) દુર્યોધન

18) નરક કરતા નિગોદમાં............. ગણુ દુઃખ છે.

(A) અસંખ્ય (B) સંખ્ય (C) અનંત (D) કોડ

19) ........... રાજાએ પોતાના રાજ્યના સર્વ લોકોને ઋણ વગરના કર્યા.

(A) વિરાજ (B) વિક્રમ (C) જગડુશાહ (D) સિંઘાક

20) જે ગૃહસ્થ પોતાના સ્ત્રી-પુત્રને ધર્મમાં ન જોડે તો તે ગૃહસ્થ આલોકમાં અને પરલોકમાં............. થી લેપાય છે.

(A) પુન્ય (B) પાપ (C) કર્મ (D) કુકર્મ

21) શ્રાવક દેશ તથા ક્ષેત્રને જાણીને સાધુને...............અને.............એવો આહાર વહોરાવે.

(A) અપ્રાસુક-એષણીય (B) પ્રાસુક-એષણીય

(C) પ્રાસુક-અનેષણીય (D) અપ્રાસુક-અનેષણીય

22) ઉગ્ર તપસ્યા કરીને............ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યુ.

(A) ચંડરૂદ્ર (B) પુંડરિક (C) અરૂણદેવ રાજર્ષિ (D) મણિશેખર

23) જે ખાવાથી ભૂખ શમે તેને............ કહેવાય.

(A) અશન (B) પાન (C) ખાદિમ (D) સ્વાદિય

24) ............ સિધ્ધાંતમા સ્વાદિમ ગણેલ છે પણ તૃપ્તિ કરનાર હોવાથી દુવિહારમાં લેવાની આજ્ઞા આપી નથી.

(A) અજમો (B) તજ (C) ગોળ (D) એલચી

25) કેટલીક વાર પલાળેલી દાળમાં થોડા સમય પછી ફણગા ફૂટે છે. તે સમયે તેને......... કહેવાય.

(A) સચિત્ત (B) મિશ્ર (C) અચિત્ત (D) A. C.

**Q-2 અંકમાં જવાબ આપો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

26) અંબડ પરિવ્રાજકને કેટલા શિષ્યો હતા.

(A) **500** (B) **700** (C) **200** (D) **300**

27) કમળ પર તડકો આવે તો કેટલા પ્રહરમાં અચિત થાય?

(A) **5** (B) **4** (C) **3** (D) **1**

28) જગડુશાહે કેટલા સદાવ્રત ખોલ્યા હતા.

(A) 112 (B) 111 (C) 113 (D) 114

29) વીર નિર્વાણથી કેટલામાં વર્ષે ચૌદશના દિવસે ચોમાસી પ્રતિક્રમણ કરાયું?

(A) 998 (B) 989 (C) 993 (D) 999

30) વંદન લેતી વખતે કેટલા આવશ્યકની શુદ્ધિ સાચવવી?

(A) 32 (B) 25 (C) 18 (D) 42

31) જ્ઞાનાચારની શુદ્ધિ માટે કેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય?

(A) 1 (B) 5 (C) 51 (D) 8

32) નવપદને આશ્રયી અનાનુપૂર્વી કેટલી થાય?

(A) 362887 (B) 362788 (C) 362878 (D) 326878

33) સ્ત્રી અને પુરૂષે અનુક્રમે કેટલા કોળીયા ભોજન કરવું જોઈએ.

(A) 28-32 (B) 32-28 (C) 32-29 (D) 28-33

34) સિંઘાકે કેટલું ધાન્ય અનાથ લોકોને આપ્યું.

(A) 240000 મણ (B) 24000 મણ (C) 2400 મણ (D) 240 મણ

35) ભદ્રેસર નગરમાં દુકાળ વખતે બાદશાહે, હમ્મીરે, જગડુશાહે, વીસળદેવે અનુક્રમે કેટલા મુડા ધાન્યના આપ્યા.

(A) 12-8-21-11 (B) 8-21-11-12 (C) 11-12-8-21 (D) 21-12-1000-8

36) ઘાંચી-ધોબી અને ખેડૂત ત્રણે નિયમમાં અડગ રહેવાથી મરણ પામી ક્યા દેવલોકને પ્રાપ્ત કર્યું.

(A) 5 (B) 6 (C) 3 (D) 2

37) ધનેશ્વર શેઠ સમાધિપૂર્વક મરણ પામી ક્યા દેવલોકને પ્રાપ્ત કર્યું.

(A) 12 (B) 11 (C) 13 (D) 10

38) અર્થ દિપિકામાં પૌષધના કેટલા પ્રકાર કહ્યા છે.

(A) 1 (B) 2 (C) 4 (D) 3

39) પ્રત્યેક પખવાડીયામાં ઉત્કૃષ્ટ પર્વ કેટલા?

(A) 5 (B) 4 (C) 6 (D) 3

40) અગ્યાર અંગની આરાધના માટે શેની આરાધના કરાય.

(A) બીજ (B) પાંચમ (C) ચૌદશ (D) અગ્યારસ

**Q-3 મને ઓળખો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

41) મારા ગ્રંથમાં બેતાલીસ દોષનુ વર્ણન કર્યું છે.

(A) આયુર્વેદ (B) પિંડવિશુદ્ધિ (C) પ્રવચન સારોદ્ધાર (D) કલ્પ વ્યવહાર

42) જે વસ્તુ મુનિરાજને વહોરાવી ન હોય ત્યાં સુધી તેનો આહાર હું નહી કરૂં.

(A) શ્રાવક (B) શ્રાવિકા (C) સુશ્રાવક (D) સાધુ

43) મારા આગમમાં લખ્યુ છે કે વજ્રમય શિલા ઉપર વજ્રમય વાટવાના પથ્થરથી પૃથ્વીકાયનો ખંડ બળવંત પુરૂષ 21 વાર જોરથી વાટે તો પણ કેટલાક જીવ ચંપાણાને કેટલાકને ખબર પડી નથી.

(A) ભગવતી (B) કલ્પસૂત્ર (C) પિંડવિશુદ્ધિ (D) બૃહત્કલ્પભાષ્ય

44) સાતસો પરિવ્રાજકો અણસણ કરી કાળ કરીને મારા દેવલોકમાં આવ્યા.

(A) 1 (B) 5 (C) 3 (D) 12

45) હું ઉદાસ થઈ કે લંકા જીતવા માટે સ્વામીને આવવું પડ્યું.

(A) હનુમાન (B) રામ (C) સીતા (D) અંજના

46) હું કોનું ભોજન કરાવું તો ભીષ્મ પિતામહ યુદ્ધ સારી રીતે કરે.

(A) દુર્યોધન (B) યુધિષ્ઠિર (C) દ્રૌપદી (D) ભીષ્મ

47) હું કહું છું કે દેવસી પ્રતિક્રમણ બપોરથી માંડી અડધીરાત સુધી કરાય.

(A) તીર્થોદ્ધાર (B) આવશ્યકચૂર્ણિ (C) યોગશાસ્ત્રની વૃત્તિ (D) ચર્ણિકાર

48) શાલિવાહન રાજાએ સંઘના આદેશથી મારી પાસે ચૌદશની પક્ખી અને ચોથની સંવત્સરી કરાવી.

(A) કાલિકાચાર્ય (B) હેમચંદ્રાચાર્ય (C) હરિભદ્રસૂરિ (D) યશોવિજયજી

49) પૂર્વભવમાં મે 500 મુનિની સેવા કરી હતી.
(A) ભરત (B) બાહુબલી (C) બ્રાહ્મી (D) સુંદરી

50) અમે શેઠના જીવ દેવ પાસે આવતા ભવમાં પણ પ્રતિબોધ કરવાનું વચન લીધું.
(A) ઘાંચીનો જીવ (B) ધોબીનો જીવ (C) શેઠનો જીવ (D) ત્રણે દેવો

51) મારાથી વાગેલો કાંટો કાઢ્યા પછી ઘા જલ્દી સારો થાય છે.
(A) સંરોહિણી ઔષધિ (B) દવા લેવાથી
(C) બામ લગાડવાથી (D) પાણી લગાડવાથી

52) મારો સેવક તને રોજ જિનાલયે લઈ જશે.
(A) ચંદ્રશેખર (B) ચંદ્રચૂડ (C) ચંદ્રમણિ (D) ચંદ્રકાંત

53) તું અટવીમાં આવેલ જિનાલયમાં ઋષભદેવની ભક્તિ કર.
(A) તિલકમંજરી (B) અશોકમંજરી (C) અંબિકા દેવી (D) ચક્કેસરી દેવી

54) ચોવિહારમાં પણ રોગાદિને કારણે મારો ઉપયોગ થાય છે.
(A) હોમ્યોપેથિક દવા (B) એલોપેથિક દવા
(C) અણાહારી દવા (D) આયુર્વેદિક દવા

55) દ્વિદળ માંમારી ઉત્પત્તિ અને બે દિવસ ઉપરાંત દહીમાં મારી ઉત્પત્તિ થાય છે.
(A) ત્રસ-બેઇન્દ્રિય (B) પંચેન્દ્રિય-ત્રસ (C) ત્રસ-સ્થાવર (D) બેઇન્દ્રિય-ત્રસ

**Q-4 શબ્દના અર્થ લખો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

56) मास– (A) માસ (B) મહિનો (C) અડદ (D) મગ
57) निप्फाव– (A) નિષ્પાપ (B) નિષ્ફાવ (C) પાપ વગરનો (D) વાલ
58) कुलत्थ– (A) કળથી (B) કોળુ (C) કેળા (D) કીચડ
59) वैमुख्यं– (A) વિમુખ (B) વિરોધી (C) મુખ્ય (D) પરાઙ્મુખ
60) उज्झित– (A) ઉજ્જડ થયેલું (B) ઉત્સંગ (C) ત્યાગ કરનાર (D) ઉન્મુખ
61) सिंभं– (A) પિત (B) કફ (C) વાયુ (D) વમન
62) अलिसंदग– (A) તુવેર (B) વટાણા (C) ચોળા (D) ચોખા
63) अइसंबं– (A) અતિશય ખાટુ (B) માતા (C) અતિશય (D) અતિમાતા

64) पभिमंथग– (A) પલંક (B) મંથન (C) પાલક (D) ચણા

65) परिक्खा– (A) પરિધિ (B) પરિક્ષા (C) પરિમિત (D)પ્રતિનિયત

66) वामशयी– (A) ડાબે પાસે શયન કરનારો (B) જમણે પાસે શયન કરનારો (C) સ્ત્રી (D) સિધો ઉંઘનારો

67) सइण– (A) વટાણા (B) ચણા (C) તુવેર (D) મગ

68) सड्डाणं– (A) શ્રદ્ધા (B) શ્રાવક (C) સમજણ (D) સહાય

69) अनृणी– (A) ઋણ વગરના (B) મનુષ્ય વગરના (C) કામ વગરના (D) લેણદાર

70) अज्जुअ - (A) ઉદ્યોત (B) ઋજુ (C) સરળ (D)B-Cબન્ને

**Q-5** **દરેક પ્રશ્નના 2-2 માર્ક્સ**

71) સુપાત્રદાનથી શું પ્રાપ્ત થાય છે તેના માટે આપેલ વિકલ્પમાંથી અસંગત વિકલ્પ શોધો.
(A) દિવ્ય તથા ઔદારિક વાંછિત ભોગની પ્રાપ્તિ (B) ચક્રવર્તિ વગેરે પદવી મળે
(C) નિર્વાણ સુખનો લાભ (D) આયુષ્ય કર્મનો ક્ષય

72) ભોજન કર્યા પછી કઈ રીતે ઉંઘવાથી લાભ-નુકશાન થાય?
(A) સિધા ઉંઘવાથી બળની હાની-ડાબે પડખે ઉંઘવાથી આયુષ્ય વધે-બેસી રહેતો જાડો થાય-દોડે તો મૃત્યુ થાય.
(B) સીધા ઉંઘવાથી બળની વૃદ્ધિ-બેસી રહેવાથી પતલા થવાય-દોડે તો મત્યુ થાય-ડાબા પડખે ઉંઘવાથી આયુષ્ય વધે.
(C) સીધા ઉંઘવાથી બળની વૃદ્ધિ-ડાબા પડખે ઉંઘવાથી આયુષ્ય વધે-બેસી રહેવાથી જાડો થાય-દોડે તો મૃત્યુ થાય.
(D) ડાબે પડખે ઉંઘવાથી આયુષ્ય ઘટે-બેસી રહેવાથી પતલો થાય-સીધા ઉંઘવાથી આયુષ્યની હાની-દોડવાથી જીવન મળે.

73) સાધુઓ ક્યા કારણસર ભોજન કરે સંગત વિકલ્પ શોધો
(A) જીવદયાનું રક્ષણ કરવા માટે (B) આયુષ્ય વધારવા માટે
(C) સ્વાદની પુષ્ટિ માટે (D) ઇન્દ્રિય પર વિજય મેળવવા માટે

74) નહિ ચાળેલો લોટ કેટલા દિવસ સુધી મિશ્ર રહે ત્યાર પછી અચિત્ત થાય?

| | |
|---|---|
| 1. શ્રાવણ-ભાદરવા માસ | (A) 5-પ્રહર |
| 2. આસો-કારતક માસ | (B) 5-દિવસ |
| 3. માગશર-પોષ માસ | (C) 4-પ્રહર |
| 4. મહા-ફાગણ માસ | (D) 4-દિવસ |
| 5. ચૈત્ર-વૈશાખ માસ | (E) 2-પ્રહર |
| 6. જેઠ અષાઢ માસ | (F) 3-દિવસ |
| | (G) 3-પ્રહર |

(A) 1-G, 2-F, 3-E, 4-D, 5-C, 6-B (B) 1-C, 2-E, 3-D, 4-G, 5-A, 6-F
(C) 1-B, 2-D, 3-F, 4-A, 5-C, 6-G (D) 1-A, 2-B, 3-C, 4-D, 5-E, 6-F

75) દાનના ભૂષણો ક્યા-ક્યા છે?
(A) આંખમાં આનંદના આંસૂ-શરીર રોમાંચ થવુ-આદર ન કરવો-પ્રિય વચન બોલવું.
(B) આંખમાં આનંદના આંસૂ-અનુમોદના કરવી-આદરભાવ રાખવો-બહુમાન ભાવ રાખવો
(C) પ્રિયવચન બોલવુ – વિલંબ કરવો – પરાઙ્મુખ થઈ આપવું - બહુમાન ભાવ રાખવો
(D) પશ્ચાતાપ કરવો – અનુમોદના કરવી – શરીર રોમાંચ થવું – પ્રિય વચન બોલવું

76)

| | |
|---|---|
| 1 – ચોખાની જઘન્ય યોનિ | (A) 7 વર્ષ |
| 2 – તુવેરની ઉત્કૃષ્ટ યોનિ | (B) 3 વર્ષ |
| 3 – અળશીની ઉત્કૃષ્ટ યોનિ | (C) અંર્તમુર્હૂત |
| 4 – કપાષના બીજ | (D) 5 વર્ષ |

(A) 1-C, 2-D, 3-A, 4-B (B) 1-A, 2-B, 3-C, 4-D
(C) 1-D, 2-C, 3-B, 4-A (D) 1-B, 2-C, 3-D, 4-A

77) પ્રતિક્રમણ કરવાથી શું લાભ થાય છે?
(A) મોક્ષ સુખનું કારણ છે. (B) કષાયરૂપ ભાવશત્રું ને જીતનારું.
(C) પુન્યને ઉત્પન્ન કરનારું. (D) A, B, C ત્રણે

78) તીર્થંકરના ક્યા કલ્યાણકમાં દેવો અટ્ઠાઈ મહોત્સવ ઉજવવા નંદિશ્વર દ્વીપમાં જાય છે.
(A) જન્મ – દિક્ષા - નિર્વાણ (B) જન્મ – કેવલજ્ઞાન – નિર્વાણ
(C) ચ્યવન – દિક્ષા - નિર્વાણ (D) ચ્યવન – કેવલજ્ઞાન - નિર્વાણ

79) શ્રાવકે કેવી રીતે સુવુ જોઈએ?

(A) પૂજ્ય પુરૂષથી ઉંચે
(B) ઉત્તર-પશ્ચિમમાં મસ્તક રાખીને
(C) હાથીનાં દાંતની માફક
(D) પૂર્વ દિશામાં પગ રાખીને

80) 1 – વાંચના (A) વાર્તા સાંભળવી
2 – પૃચ્છના (B) જુનુ પાકુ રાખવું
3 – અનુપ્રેક્ષા (C) મનમાં સૂત્રનું સ્મરણ
4 - ધર્મકથા (D) સૂત્રોનું ગ્રહણ કરવું.
5 – પરાવર્તમના E) પ્રશ્નોત્તરી કરવી.

(A) 1-E, 2-D, 3-C, 4-B, 5-A
(B) 1-D, 2-E, 3-C, 4-A, 5-B
(C) 1-B, 2-C, 3-D, 4-E, 5-A
(D) 1-C, 2-B, 3-A, 4-F, 5-E

81) તપસ્યા કરવાથી શું થાય છે. અસંગત વિકલ્પ શોધો.

(A) અસ્થિર કાર્ય સ્થિર થાય
(B) વાંકુ હોય તો સરળ થાય
(C) સાધ્ય હોય તે અસાધ્ય થાય
(D) દુર્લભ હોય તે સુલભ થાય

82) પૂર્વ – ઉત્તર – દક્ષિણ – પશ્ચિમ દિશામાં ઉંઘવાથી શું થાય અનુક્રમે લખો.

(A) ધન – મૃત્યુ – વિદ્યા - ચિંતા
(B) મૃત્યુ – વિદ્યા – ચિંતા – ધન
(C) વિદ્યા – મૃત્યુ –ધન– ચિંતા
(D) ચિંતા – ધન – વિદ્યા - મૃત્યુ

83) ભોજનની શરૂઆતમાં, મધ્યમાં અને અંતે પાણી પીએ તો શું થાય અનુક્રમે લખો.

(A) રસાયન માફક પુષ્ટિ – વિષ માફક નુકશાન – અગ્નિ મંદ
(B) વિષ માફક નુકશાન – અગ્નિ મંદ – રસાયન માફક પુષ્ટિ
(C) અગ્નિ મંદ – રસાયન માફક પુષ્ટિ – વિષ માફક નુકશાન
(D) અગ્નિ મંદ – વિષ માફક નુકશાન – રસાયન માફક પુષ્ટિ

84) કઈ ઋતુમાં શું ખાવાથી અમૃત સમાન બને?

| | |
|---|---|
| 1 – વર્ષા ઋતુ | (A) ઘી |
| 2 – શરદ ઋતુ | (B) ગોળ |
| 3 - હેમંત ઋતુ | (C) મીઠું |
| 4 - શિશિર ઋતુ | (D) પાણી |
| 5 – વસંત ઋતુ | (E) ગાયનું દૂધ |

6 – ગ્રીષ્મ ઋતુ (F) આંબળાનો રસ

(A) 1-F, 2-E, 3-D, 4-C, 5-B, 6-A (B) 1-C, 2-D, 3-E, 4-F, 5-A, 6-B

(C) 1-B, 2-C, 3-D, 4-E, 5-F, 6-A (D) 1-D, 2-E, 3-F, 4-A, 5-B, 6-C

85) પર્વના દિવસે સચિત્ત આહાર કેમ વર્જવો?

(A) સચિત્ત આહાર જીવહિંસામય હોવાથી તે કરવામાં ઘણો આરંભ થાય છે.

(B) સચિત્ત આહાર માં જીવ અહિંસામય હોવાથી તે કરવામાં ઘણો આરંભ થાય છે.

(C) સચિત્ત આહારથી શરીરની પુષ્ટિ થાય છે.

(D) સચિત્ત આહારથી આત્માની પુષ્ટિ થાય છે.

# -: શ્રાદ્ધ વિધિ પ્રકરણપરિશીલન :-

**આઠમું પ્રશ્નપત્ર પેજ નં. 398 થી 450 સુધી** **કુલ માર્ક્સ - 100**

**Q-1 ખાલી જગ્યા પુરો :-** **દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

1) શ્રાવકની 11 પ્રતિમાઓ માંથી પહેલી પ્રતિમા.............છે.
(A) દર્શન (B) પૌષધ (C) આરંભ (D) બ્રહ્મચર્ય

2) ...............એ ભેંટ રૂપે પેથડશાહને પૂજાની જોડ મોકલાવી.
(A) અભય કુમાર (B) આનંદ શ્રાવક (C) ભીમ સોની (D) વિમલેશ્વર મંત્રી

3) ...............એ ગુરુની પ્રેરણાથી પોતાના નવા મહેલને પૌષધશાળા તરીકે જાહેર કરી.
(A) વસ્તુપાળ (B) પેથડશા (C) બીરબલ (D) શાન્તનુ મંત્રી

4) સાધુ જીવનમાં જરૂર કરતાં વધારે વસ્તુ રાખે તો, તે વસ્તુ...............કહેવાય.
(A) પરિગ્રહ (B) ઉપકરણ (C) અધિકરણ (D) પોટલાં

5) મહણસિંહે દેવમંગળગણિ ના પ્રવેશમાં.............ટંક નો વ્યય કર્યો.
(A) 25000 ટંક (B) 52000 ટંક (C) 56000 ટંક (D) 65000 ટંક

6) કુમારપાળે............દિવસે રથયાત્રા કઢાવી.
(A) પારણા પાંચમ (B) મહાસુદ પાંચમ
(C) માગશર સુદ સાતમ (D) ચૈત્રી આઠમ

7) ..............ના ગુણોની પ્રશંસા તીર્થંકરે કરી હતી.
(A) રેવતી (B) સુલસા (C) ગૌતમ સ્વામી (D) સિંહ અણગાર

8) લોકમાં તથા શાસ્ત્રોમાં સ્ત્રી............કહેવાઈ છે.
(A) મનોહરા (B) પાપી (C) સૌભાગ્યવતી (D) લટકાળી

9) નિવાસસ્થાનની ભૂમિમાંથી શ્વાનનું શલ્ય નીખળે તો..............નો નાશ થાય.
(A) જીવન (B) બાળકો (C) ઘરધણી (D) ગાય-બળદો

10) આલોચના લેવાથી............ગુણ પ્રગટ થાય.
(A) સરળતા (B) નમ્રતા (C) ક્ષમા (D) પ્રસન્નતા

11) સાધુઓ ને રાજપિંડ કલ્પતો ન હોવાથી રાજાઓ અતિથિસંવિભાગ વ્રત કેવી રીતે કરે?
(A) આયંબિલ કરી (B) સાધુ સ્મરણ કરી
(C) સાધર્મિક વાત્સલ્ય કરી (D) સ્વાધ્યાય કરી

12) આબૂ સંઘવી થરાદમાં ક્યા નામે પ્રસિદ્ધ હતા?
(A) પશ્ચિમ ચક્રી (B) પશ્ચિમ દાનવીર (C) પશ્ચિમ મંડલિક (D) પશ્ચિમ ભામાશાહ

13) અપૂર્વજ્ઞાન ગ્રહણ, પ્રભુભક્તિ, પ્રવચન પ્રભાવના, આ ત્રણ કારણથી શું પ્રાપ્ત થાય?
(A) જૈન કુળ (B) તીર્થંકર પણું (C) કેવળજ્ઞાન (D) ચક્રી પદ

14) સાત માસ સુધી સચિત્ત વર્જવા રૂપ કઈ પ્રતિમા છે?
(A) સામાયિક પ્રતિમા (B) સચિત્ત પરિહાર પ્રતિમા
(C) શ્રમણભૂત પ્રતિમા (D) દર્શન પ્રતિમા

15) ''યતિજિતકલ્પવૃત્તિ'' ગ્રંથના રચયિતા કોણ હતા?
(A) મુનિસુંદરસૂરિ (B) દેવરત્નસૂરિ (C) સાધુરત્નસૂરિ (D) જિનસુંદરસૂરિ

16) જગશી શેઠ............માં રહેતા હતા.
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) દિલ્હી (D) કોલકત્તા

17) ઘર પૂર્વના ભાગમાં ઊંચુ હોય તો............ફળ મળે.
(A) સમૃદ્ધિ વધે (B) શૂન્ય થાય (C) વૃદ્ધિ થાય (D) ધન જતું રહે.

18) શ્રાવક પોતાનું મન સર્વવિરતિમાં કેવી રીતે સ્થિર કરે?
(A) બેડા વાળી સ્ત્રી જેમ બેડામાં મન સ્થિર કરે તેમ
(B) પરપુરુષમાં આસક્ત સ્ત્રી પોતાના પતિમાં જેમ મન સ્થિર કરે તેમ
(C) ધ્યાન ધરતો બગલો જેમ ધ્યાનમાં સ્થિર રહે તેમ
(D) દુધનું રક્ષણ કરવા રાખેલી બિલાડીની જેમ

19) લૌકિક માન્યતા મુજબ વિષ્ણુ ક્યાં રહે છે?
(A) પદ્મ સરોવર (B) માન સરોવર (C) ક્ષીર સમુદ્ર (D) હિમાલય.

20) પોતાના ગચ્છમાં આલોચના આપી શકે તેવા કોઈનો જોગ ન હોય તો સાધુ કે શ્રાવક કોની પાસે આલોચના લઈ શકે?

(A) સાંભોગિક (B) ઘરના વડીલ (C) વડીલ સાધ્વીજી (D) ગીતાર્થ શ્રાવક

**Q-2 નીચેના શબ્દોના અર્થ પુસ્તકના આધારે જણાવો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

21) પરિહાર એટલે.

(A) પરિભોગ કરવો (B) ચારે બાજુથી હરણ કરવું.

(C) ત્યાગ કરવો (D) અસંયમ રાખવો.

22) "શં" એટલે.

(A) શંખ (B) દેવ (C) સુખ (D) માતા

23) ગીતાર્થ એટલે

(A) સૂત્રાર્થ ના જાણકાર (B) વિવિધ શુભધ્યાન વાળા

(C) આલોચના આપનાર (D) નિરતિચાર ચારિત્રવાળા

24) ઉપકરણ એટલે

(A) જે સંયમમાં ઉપકારી વસ્તુ હોય તે (B) "ઉપક" નામનું રણ

(C) નજીક જવુ તે (D) નકામી વસ્તુ રાખવી તે

25) બ્રાહ્મ વિવાહ એટલે.

(A) ધન ખરચી ને કન્યાદાન કરવું તે (B) આભૂષણ પહેરાવી તે સાથે કન્યા આપવી તે.

(C) જબરાઈ થી કન્યા હરણ કરવી તે. (D) ગાય-બળદનું જોડું આપી કન્યાદાન કરવું તે.

**Q-3 નીચેના પ્રશ્નોના અંકમાં જવાબ જણાવતો સાચો વિકલ્પ પસંદ કરો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ**

26) ભાવ શ્રાવક ના ગુણો કેટલા?

(A) ચારિત્રના ગુણો જેટલા (B) સંયમના ગુણો જેટલા

(C) કષાયોની સંખ્યા જેટલા (D) પેથડશેઠે જેટલા વર્ષો બ્રહ્મચર્ય વ્રત લીધુ તેટલા

27) પેથડશાહે...........માં વર્ષે બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું હતુ.

(A) 32 (B) 30 (C) 35 (D) 24

28) નવું મંદિર બંધાવવામાં જેટલું પુણ્ય હોય, એના કરતાં જરૂર ત્યાં જીર્ણોદ્ધાર કરાવવામાં..........ગણુ પુણ્ય થાય છે.

(A) 3 (B) 5 (C) 8 (D) 10

29) સંયમ ના ઉપકરણો ના કેટલા ચતુષ્ક છે?

(A) 3 (B) 4 (C) 12 (D) 14

30) જગસિંહ નામના શેઠે.........વ્યક્તિને પોતાના સમાન સુખી કર્યા.

(A) 270 (B) 360 (C) 490 (D) 700

31) વિક્રમાદિત્ય ના સંઘમાં કેટલા શ્રાવક કુટુંબ હતા?

(A) 70 લાખ (B) 60 લાખ (C) 50 લાખ (D) 17 લાખ

32) આલોચના આપનાર ગુરુ કેટલા ગુણોથી યુક્ત હોવા જોઈએ?

(A) 36 (B) 27 (C) 8 (D) 18

33) વસ્તુપાળ મંત્રીએ............આચાર્યોની પદસ્થાપના કરાવી.

(A) 21 (B) 23 (C) 18 (D) 11

34) આલોચના લેવા માટે કાળથી.............વર્ષો સુધી ગીતાર્થ ગુરુની ગવેષણા કરવી.

(A) 9 (B) 12 (C) $12^{1/2}$ (D) 21

35) પેથડશાહે.............કરોડ ધન ખર્ચીને 3 નવી જ્ઞાનશાળાઓ ખોલાવી.

(A) 6 (B) 4 (C) 7 (D) 5

36) શ્રાવકે દર વર્ષે કેટલા ધર્મકૃત્યો કરવા જોઈએ?

(A) 12 (B) 17 (C) 11 (D) 9

37) વ્યવહાર કેટલા પ્રકારે છે?

(A) 3 (B) 2 (C) 1 (D) 5

38) પેથડશાહે સ્નાત્ર મહોત્સવમાં..........ઘડી પ્રમાણ સુવર્ણ આપી ઇંદ્રમાળ પહેરી

(A) 56 (B) 65 (C) 51 (D) 15

39) કન્યાદાન કરતા વરમાં કેટલા ગુણો જોવા?

(A) 9 (B) 5 (C) 7 (D) 11

40) શ્રાવક નો ધર્મ વિધિ કેટલા દ્વાર વાળો છે?

(A) 6 (B) 7 (C) 8 (D) 9

41) જિનસુંદરસૂરિ મ.સા............અંગ ના પાઠી હતા.

(A) $9^{1/2}$ (B) 10 (C)$10^{1/2}$ (D) 11

42) યાત્રા કેટલા પ્રકાર ની?

(A) 2 (B)11 (C) 21 (D) 3

43) ચક્રવર્તી............ક્રોડ સોનેયાનું પ્રીતિદાન આપતા.

(A) $2^{1/2}$ (B)$7^{1/2}$ (C)સવા અગિયાર (D) 11

44) પૂ. દેવસુંદરસૂરિ મ.સા. ને..........શિષ્યો હતા.

(A) 5 (B) 7 (C)9 (D) 11

45) વિક્રમાદિત્ય રાજાના સંઘમાં...........જિનમંદિર હતા.

(A) 169 (B) 500 (C)669 (D) 1400

46) વસ્તુપાળ મહામંત્રીએ............યાત્રાઓ કરાવી.

(A) $12^{1/2}$ (B)11 (C) 13 (D) 5

47) જગડુશેઠ પાસે..........કરોડ સોનૈયાની કિંમત ના 5 મણિ હતા.

(A) સવા (B) અઢી (C) 4 (D) સાડા ત્રણ

48) ઉજ્જયની નગરીમાં દાંતાક નામના શેઠે...........કરોડ સોનૈયા ખર્ચી સાત માળનો મહેલ તૈયાર કરાવ્યો હતો?

(A) 17 (B) 18 (C) $18^{1/2}$ (D) 21

49) સંભવનાથ ભગવાને પૂર્વના...............ભવમાં તીર્થંકર નામકર્મ બાંધ્યું.

(A) પાંચમા (B) અગિયારમાં (C) સાતમાં (D) ત્રીજા

50) ગ્રંથમાં વિવાહ............પ્રકારે બતાવ્યો છે.

(A) 8 (B) 1 (C) 2 (D) 3

## Q-4 મને ઓળખો :- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ

51) હું સંયમને ઉપકારી છું.
(A) અધિકરણ (B) ઉપકરણ (C) અનધિકરણ (D) દયા

52) મારા સંઘમાં 52 જિનાલય હતા.
(A) વસ્તુપાલ (B) આબૂ (C) તેજપાલ (D) પેથડશા

53) મારા પિતા પેથડશેઠ છે.
(A) કુમારપાળ (B) તેજપાળ (C) ઝાંઝણ (D) શ્રીધર

54) મેં વિક્રમાદિત્યને પ્રતિબોધ પમાડ્યો.
(A) સિદ્ધસેન દિવાકરસૂરિ (B) શ્રી હેમચંદ્રાચાર્ય
(C) શ્રી હરિભદ્રસૂરિ (D) શ્રી હીરસૂરિ

55) મેં કાઢેલા સંઘમાં 1874 જિનમંદિર હતા.
(A) શ્રીપાળ (B) કુમારપાળ (C) વસ્તુપાળ (D) ઉદયન

56) મારા સંઘમાં 5000 આચાર્ય હતા.
(A) સિદ્ધસેન દિવાકરસૂરિ (B) કુમારપાળ
(C) વિક્રમાદિત્ય (D) પેથડશા

57) મેં 3 કરોડ સોનામહોર ખર્ચી 7 હાથ પ્રમાણ સુવર્ણની પ્રતિમા યુક્ત મહાવીર સ્વામીનું દહેરાસર કરાવ્યું.
(A) સંપ્રતિ મહારાજ (B) કુમારપાળ (C) પેથડશા (D) વસ્તુપાળ

58) હું દેવચંદ્રસૂરિ મ.સા. નો ભક્ત હતો.
(A) ઉદયન રાજર્ષિ (B) મહણસિંહ (C) જગશીશેઠ (D) અકબર

59) રોજ હું શ્રાવકોને જમાડી પછી જમતો.
(A) વસ્તુપાળ (B) ભરત (C) દંડવીર્ય (D) સનત્

60) મેં મારી માતાના મનોરથ પૂરા કર્યા. ઘણા આડંબરથી દંડયાત્રા કરી.
(A) જગતસિંહ (B) સનતચક્રી (C) ભરતચક્રી (D) મહાપદ્મચક્રી

61) મેં જ્ઞાનીનાં વચનથી 9 પ્રહરનું આયુષ્ય જાણી દીક્ષા લીધી.
(A) હરિવાહન રાજા (B) કુબેર (C) દશાર્ણભદ્ર (D) મેઘરાજા

62) મેં પંચ પરમેષ્ઠિ નો પાઠ કરનાર દરેકને પ્રવાહ વડે સુવર્ણનાં ટંક આપ્યા.
(A) સારંગ શેઠ (B) ચારણ (C) આબૂ (D) જગશી

63) હું મારા ત્રીજા ભવમાં વિમલવાહન રાજા હતો.
(A) વિમલનાથ (B) સંભવનાથ (C) મુનિસુવ્રતસ્વામી (D) નમિનાથ

64) અગ્નિ ખૂણામાં મારું સ્થાન કરવું.
(A) સૂવાનું (B) ભોજન કરવાનું (C) ધાન્યનો સંગ્રહ કરવાનું (D) રસોડાનું

65) મારા મહિમાથી કોણિકરાજા પ્રબળ સેનાનો ધણી હતો.
(A) મુનિસુવ્રતસ્વામી ના મંત્ર (B) મુનિસુવ્રતસ્વામીનાં સ્તૂપ
(C) રત્નચિંતામણી (D) જાદુઈ છડી

66) હું પહેલા ગાયો ચરાવવાનો ધંધો કરતો હતો.
(A) કબીર (B) કવિ ધનપાલ (C) કવિ કાલિદાસ (D) કવિ નર્મદ

67) મેં આ ''શ્રાદ્ધવિધિ કૌમુદી'' ટીકા રચી છે.
(A) આ. જિનકિર્તીસૂરિ (B) આ. રત્નશેખરસૂરિ
(C) આ. લલિતશેખરસૂરિ (D) આ. રત્નકીર્તિસૂરિ

68) મારી આરાધના દર સુદ પાંચમના દિવસે કરવાથી જ્ઞાન વૃદ્ધિ થાય.
(A) કેવલજ્ઞાની ભગવંતો (B) શ્રુતજ્ઞાન (C) સરસ્વતી દેવી (D) આચાર્ય ભગવંત

69) નિયમ ન લેનાર ને મારી માફક અવિરતિપણું રહે છે.
(A) પશુ (B) દેવ (C) નારકો (D) રાત્રીભોજી

70) અવંતિ નગરી માં મારી નિશ્રા માં શ્રી સંઘે રથયાત્રા કરી.
(A) આચાર્ય મહાગિરિ (B) આર્ય સુહસ્તિસૂરિ
(C) આર્ય ધનગિરિ (D) હેમચંદ્રાચાર્યજી

## Q-5 નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો:- દરેક પ્રશ્નના 1-1 માર્ક્સ

71) યાત્રા કરતા વાહન માં બેસે, પગરખા પહેરે, મુંડન કરે, અને તીર્થે જઈને દાન લેતો અનુક્રમે કયું-કયું ફળ જાય !
(A) અર્ધુ, બીજો ભાગ, ત્રીજો ભાગ, ચોથો ભાગ
(B) અર્ધું, ચોથો ભાગ, ત્રીજો ભાગ, સર્વ

(C) સર્વ, અર્ધુ, ચોથો ભાગ, ત્રીજો ભાગ
(D) બીજો ભાગ, ત્રીજો ભાગ, અર્ધુ, સર્વ

72) કોના-કોના સંઘ માં અનુક્રમે 1874 જિનમંદિર, 500હાથીદાંતાદિમયજિનમંદિર, 700 જિનમંદિર અને 169 સુવર્ણમય જિનમંદિર હતાં ?
(A) કુમારપાળ, વિક્રમાદિત્ય, આભૂ સંઘવી, વિક્રમાદિત્ય
(B) વિક્રમાદિત્ય, આભૂ સંઘવી, વિક્રમાદિત્ય, કુમારપાળ
(C) આભૂ સંઘવી, વિક્રમાદિત્ય, વિક્રમાદિત્ય, કુમારપાળ
(D) વિક્રમાદિત્ય, વિક્રમાદિત્ય, આભૂ સંઘવી, કુમારપાળ

73) કયા મહાપુરૂષે કેટલા નવા મંદિરો કરાવ્યા, કેટલા જીર્ણોદ્ધાર કરાવ્યા- તે અંગે જોડકા જોડો

| મહાપુરૂષ નું નામ | જીર્ણોદ્ધાર | નવા મંદિર |
|---|---|---|
| (1) સંપ્રતિ મહારાજા | (1) 2200 | (1) 1444 |
| (2) પેથડશા | (2) 0 | (2) 36000 |
| (3) વસ્તુપાળ | (3) 1600 | (3) 84 |
| (4) કુમારપાળ | (4) 89000 | (4) 1313 |

(A) (1-4-1), (2-1-3), (3-2-4), (4-3-2) (B) (1-4-2), (2-2-3), (3-1-4), (4-3-1)
(C) (3-1-4), (2-2-3), (4-4-2), (3-3-1) (D) (2-1-4), (4-3-2), (3-2-1), (1-4-3)

74) તપસ્યા, દાન, દેવપૂજા, અને અનશન કરીને મરવાથી અનુક્રમે શું પ્રાપ્ત થાય?
(A) મોક્ષ, ઉત્તમભોગ, રાજ્ય, ઈન્દ્રપણું (B) ઉત્તમભોગ, રાજ્ય, મોક્ષ, ઈન્દ્રપણું
(C) મોક્ષ, રાજ્ય, ઈન્દ્રપણુ, ઉત્તમભોગ (D) ઈન્દ્રપણુ, રાજ્ય, મોક્ષ, ઉત્તમભોગ

75) પાંચ પ્રકારના વ્યવહાર નો સાચો ક્રમ જાણાવતો સાચો વિકલ્પ પસંદ કરો.
(A) આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા, જીત (B) આગમ, જીત આજ્ઞા, ધારણા, શ્રુત
(C) આજ્ઞા, શ્રુત, આગમ, જીત, ધારણા (D) શ્રુત, આજ્ઞા, જીત, આગમ, ધારણા

76) મહાપૂજા કેવી રીતે કરી શકાય ? તે અંગે નીચે પૈકી કયુ વિધાન અસંગત છે ?
(A) ઉત્તમ આંગી આભૂણણ, ફુલધરથી મહાપૂજા કરી શકાય
(B) કેલિધર, પૂતળીના હાથમાં ફુવારા વગેરે રચના થઈ મહાપૂજા કરી શકાય
(C) વિવિધ ગાયન, નૃત્ય વગેરે દ્વારા મહાપૂજા કરી શકાય
(D) દહેરાસરને ખૂબ સ્વસ્છ રાખી જયણા પૂર્વક વર્તવાથી મહાપૂજા કરી શકાય

77) યાચકોને આપેલુ દાન કેમ સફળ છે ?

(A) યાચકો દેવ-ગુરુ-ધર્મ ના ગુણો ગાય (B) દાન આપવાથી કિર્તી વધે

(C) દાન આપવાથી પુણ્ય વધે (D) દાન આપવાથી યાચકોને ધનલાભ થાય

78) સારૂપિક સાધુ કેવા હોય ?

(A) સફેદ કપડા વાળા, ભાર્યા સહિત, બ્રહ્મચર્ય પાળનારા

(B) ચારિત્ર તથા સાધુ વેશ મૂકી ગૃહસ્થ થયેલા

(C) સમાન સામાચારી વાળા

(D) ગીતાર્થ નિશ્રિત

79) નિવાસ માટેની ભૂમિના લક્ષણો તથા ફળ જણાવતા જોડકાનો સાચો વિકલ્પ શોધો :-

| | લક્ષણો | ફળ |
|---|---|---|
| રાફડા વાળી | મરણ | (A) A-3, B-2, C-1, D-4 |
| પોલી | દારિદ્ર | (B) A-4, B-2, C-1, D-3 |
| ફાટવાળી | દુઃખ | (C) A-3, B-1, C-4, D-2 |
| શલ્યવાળી | વ્યાધિ | (D) A-2, B-4, C-3, D-1 |

80) પ્રતિમા પૂરી કરી આવનાર સાધુનો સત્કાર કેમ કરવો : તે અંગે ખોટો વિકલ્પ શોધો.

(A) બીજા સાધુઓને પણ પ્રતિમા કરવાની પ્રેરણ મળે.

(B) જૈન શાસનની શોભા વધે.

(C) પ્રવચનનો મહિમા જોઈ કોઈ વૈરાગ્ય પામી દીક્ષા લે.

(D) તે સાધુના ગચ્છની ઉન્નતિ થાય.

81) માર્કંડેય ઋષિના મતે કોણ ઘણા પુત્ર અને ધનને પામે છે ?

(A) જે પુરુષ ચોમાસામાં તેલમર્દન ન કરે તે.

(B) જે પુરુષ ચોમાસામાં ફળ, શાક તથા પાંદડાના શાકનું વર્જન કરે છે.

(C) A અને B બંને.

(D) એકેય નહિ.

82) શ્રાવકો એ કેવા વિસ્તાર માં ન રહેવુ જોઈએ ?

(A) જ્યાં મુનિરાજો પોતાના ઘરે પધારતા હોય.

(B) જ્યાં નજીક માં જિનમંદિર હોય.

(C) જ્યાથી વેપારનું સ્થાન નજીક પડતુ હોય.

(D) જ્યાં નજીકમાં શ્રાવકોનો વાસ હોય.

83) ઘરના પૂર્વ, પશ્ચિમ, નૈઋત્ય, વાયવ્ય ખૂણામાં અનુક્રમે શું હોય છે ?

(A) લક્ષ્મી, ભોજન કરવાનુ સ્થાનક, આયુધ વગેરે નું સ્થાન, ધાન્ય સંગ્રહવાનુ સ્થાન.

(B) પાણિયારું, લક્ષ્મી, દેવ, રસોડું.

(C) દેવ મંદિર, ભોજન કરવાનું સ્થાન, રસોડું, પાણિયારું.

(D) સૂર્ય દેવ, લક્ષ્મી, રસોડું પાણિયારું.

84) પૌષધ શાળા અંગેના વિધાનોમાં જે અયુક્ત હોય તે જણાવો :-

(A) પૌષધ શાળા શ્રાવકોને પૌષધ લેવા ખપમાં આવે છે.

(B) પૌષધ શાળામાં સાધુ ઓ રહી શક્તા નથી.

(C) પૌષધ શાળા પણ ઘરની માફક સગવડ વાળી હોવી જોઈએ.

(D) પૌષધ શાળા નિરવદ્ય-યોગ્ય સ્થાનક પર હોવી જોઈએ.

85) સ્ત્રીઓ વિશે ના શાસ્ત્રો તથા લોક માં જે કથનો છે - તે પૈકી ક્યું અલગ છે - તે જણાવો.

(A) સ્ત્રી ઓ કોઈ અદ્ભુત ગર્ભધારણ કરી, જગગુરુ આપે છે.

(B) કેટલીક સ્ત્રીઓ શીયળના પ્રભાવથી બંને કુળ અજવાળે છે.

(C) સુલસા વગેરે કેટલીક સ્ત્રીઓને તો તીર્થંકરે પણ વખાણી છે.

(D) ઘણી પાપ રાશિ એકઠી થાય ત્યારે સ્ત્રીભવ મળે છે.

## નોંધ



...સૌજન્ય...

તપાગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

**શ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)ના**

આજીવન અંતેવાસી સ્વાધ્યાયપ્રેમી પ.પૂ.આ.ભ.

**શ્રી વિજય જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**

વિ.સં ૨૦૭૯-૨૦૮૦ ના પાવન ચાતુર્માસ નિમિત્તે તેઓશ્રીની

શુભ પ્રેરણા અને આશીર્વાદ થી

# શ્રી મોરવાડા જૈન સંઘ

